॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥


**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


('હું' ભાવ કદી ઊભો જ ના થયો)

## ॥ દાદીની શીખનું અભૂતપૂર્વ પરિણામ ॥

મહાન દાર્શનિક ગુર્જિયેફે મરણશય્યા પર પડેલી પોતાની દાદીને કહ્યું કે;'તમારા જીવનના નિચોડ અને નિષ્કર્ષરૂપે જો કોઈ વાત મને આપવા યોગ્ય હોય અને મારી પાત્રતા હોય તો મને આપી દો.'

તેની દાદીએ કહ્યું; 'એક વાતનો ખ્યાલ તું જીવનભર રાખજે કે જેવું બીજા કરતા હોય એવું ક્યારેય ન કરતો. કંઈક જુદું જ કરવાની હંમેશ કોશિશ કરજે.' ને ગુર્જિયેફે દાદીના શબ્દો પર એક દર્શન ખડું કરી દીધું ! –'The law of otherwise'–હંમેશાં અનોખા ઢંગથી જ કરવું.

અંતિમ શ્વાસવેળા દાદીએ તેને કહ્યું; 'મૃત્યુ મારી સંનિકટ છે. મને તો ખબરેય નહિ પડે કે તેં મારી વાત માની કે નહિ ?' તો મારા મરતાં પહેલાં મને ઉદાહરણ આપી દર્શાવી દે. દાદીએ પાસે પડેલું સફરજન તેને આપી કહ્યું; 'આને ખાઈને બતાવ. પણ જોજે, બીજા કહે છે એવું ન કરતો.'

ગુર્જિયેફે એ સફરજનને પહેલાં તો કાનને અડાડી, એને સાંભળ્યું. આંખ પાસે લાવી જોયું. ચુમી કરી, હાથથી સ્પર્શ કર્યો. આંખો બંધ કરીને ઊછળ્યો, કૂદ્યો, દોડ્યો ને પછી એ સફરજન ખાધું. દાદીએ એ જોઈ કહ્યું; 'હું આશ્વસ્ત છું.'

ગુર્જિયેફે કહ્યું; પછી તો આ મારી જિન્દગીનો નિયમ થઈ ગયો. કોઈપણ કામ બીજા જેવું ના કરતા, કંઈ ને કંઈ જુદું, પોતાના જેવું જ કરતો. લોકો આ જોઈ મારા પર હસતા, મને 'પાગલ' કહેતા.

ગુર્જિયેફ કહે છે : 'મને ખબર પણ ન રહી પરંતુ એનું પરિણામ એવું આવ્યું કે મને બીજાની ચિંતા ન રહી. બીજા શું કહેશે ? મારા સંબંધી કેવી ધારણા બનાવશે ? એ વાત જ છૂટી ગઈ.'

હું એકલો થઈ ગયો. આ પૃથ્વી પર સાવ એકલો ! પણ બીજાને પડતી મુસીબતોનો સામનો મારે કરવાનો કદી રહ્યો નહિ. કોઈ 'જૂઠું કેન્દ્ર' મારું નિર્માતા બન્યું જ નહિ; ને અહંકાર મીટાવવા ક્યારેય કશું કરવું પડ્યું નહિ. 'હું' ભાવ કદી ઊભો જ ના થયો.

**–એક પ્રેરકકથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ 'સ્વર્ગારોહણ'માં શતયોગવંદનમ્ પર્વ ॥

''હે પ્રિય પૃથ્વી,
(હે પવિત્ર 'સ્વર્ગારોહણ' તીર્થભૂમિ)
હું તારા તટ પર ઊતર્યો ત્યારે 'આગંતુક' હતો.
તારા સદનમાં 'અતિથિ' બનીને રહ્યો.
આજે તારા દ્વારેથી 'એક આત્મીય' તરીકે વિદાય લઉં છું.''

–કવિવર ટાગોર



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. શ્રી શંકરાચાર્યકૃત 'દક્ષિણામૂર્તિસ્તોત્ર'નો ભાવાનુવાદ | શ્રીઈશ્વરભાઈ ભક્ત | ૯ |
| ૩. પૂ.શ્રી જ્યોતિર્મયી માતાજીનીડાયરીનાં તેજકિરણો | પૂ.શ્રી માતાજી | ૧૨ |
| ૪. 'એક જ સંત, એક જ પંથ, એક જ ગ્રંથ' | શ્રી તરલા દેસાઈ | ૨૦ |
| ૫. 'શતયોગવંદનમ્ પર્વ' બન્યું સાચા સંતનું ઓળખપત્ર | સંપાદન | ૩૨ |
| ૬. ફૂલવાડી : એક અભિનવ દૃષ્ટિકોણ ! | શ્રી દર્શના ત્રિવેદી | ૩૭ |
| ૭. શિબિરમાં પૂજ્યશ્રી'મા' | શ્રી નારાયણભાઈ જાની | ૪૬ |
| ૮. સ્વજનની નજરે પૂજ્યશ્રી'મા' | શ્રી અતુલ કોન્ટ્રાક્ટર | ૪૮ |
| ૯. 'અધ્યાત્મ' પારસમણિ છે | શ્રી ચંદ્રકાન્ત પંડ્યા | ૫૦ |
| ૧૦. 'સ્વર્ગારોહણ'નાં પ્રત્યગ્ન પુષ્પ | સં.ડૉ.અરુણા ઠાકર | ૫૫ |

## નિવેદન : 'સ્વર્ગારોહણ'માં 'શતયોગવંદનમ્ પર્વ'નો મર્મ

કેટલાંક પવિત્ર સ્થાનો એવાં હોય છે કે જે ચોવીસે કલાક આશીર્વાદ વરસાવતાં રહે છે. જે ત્યાં જાય એને કૃપા મળે. આપણને નિમિત્ત બનાવીને આપણી પાસે કંઈક કરાવી લે પણ જગાડી દે. 'સ્વર્ગારોહણ' આવું એક મહિમાવંતું તીર્થ છે. જે મહાપુરુષ શ્રી યોગેશ્વરજી તેમજ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીથી ચૈતન્યવંતું છે.

આપણે જન્મોત્સવ નિમિત્તે આ મહાન વિભૂતિઓની પૂજા કરી લઈએ પણ એમના જીવનદર્શન કે ઉપદેશને જીવતાં નથી. જેટલા ઊંડાણથી એમની ચેતનામાં પ્રતિષ્ઠિત થઈને જીવીએ તેટલી તેમની મહત્તા સમજાય.

આ 'શતયોગવંદનમ્ પર્વ' એ મહાન ચેતનાની સાથે સંપૃક્ત રહેવાનો અવસર છે. તા.૧૩ થી ૧૭ના કાર્યક્રમો તો એક બહાનું હતા. આપણે બધા પરમાત્માના સંતાનો છીએ એવો ભાવ રહે તો આપણા સર્વ સંબંધોમાં સંવેદનશીલતા, સરળતા ને મધુરતા આવે. કયા બિંદુ પર ઊભા રહીને કેવી રીતે પરમાત્મા સાથે સંબંધિત રહેવું એ વ્યક્તિગત રુચિનો સવાલ છે. કોઈ નૃત્ય, ગીત, નાટક, ગરબા, ભજન-કીર્તન, પાલખીયાત્રા, પ્રાર્થના, વંદના, પ્રણામ, પારાયણ, વાર્તાલાપ, ધ્યાન, મૌન, સેવા તેમજ સત્કર્મો એવી વિવિધ અભિવ્યક્તિઓથી એ પરમ ચૈતન્ય સાથે સંબંધિત થઈ શકે. કોઈ નાની-મોટી વ્યવસ્થા પછી તે બેઠકો ગોઠવવાની હોય, રંગોળી, ચિત્રો, બૅનરોથી શણગાર કરવાની હોય, ભોજન-પ્રસાદના પ્રબંધની હોય કે કૅમેરા-માઈકની હોય, કે ઝાડુ-સાવરણી-ધૂપ ફેરવવાની હોય ! જ્ઞાન-કર્મ-ભક્તિના દ્રાવણમાં બધું અંતે તો એકરસ થઈ, 'પૂજાનું નૈવેદ્ય' બને છે.

આ 'આખાયે પર્વ પાછળનો મર્મ' પરમતત્ત્વને પ્રણામ કરવા લાયક-અધિકારી બનવા, આપણા આત્મતત્ત્વને જગાડવાનો જ છે, હોવો જોઈએ.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૬

### તા. ૨-૩-૮૩, બુધવાર, ફાગણ વદ ચોથ સં. ૨૦૩૯

### ડરબનથી જોહાનિસબર્ગથી ક્રુગર નેશનલ પાર્ક

સવારે ૭-૪૫ વાગ્યે જોહાનિસબર્ગ, લેનેશિયાના ઉતારા ઉપરથી પૂર્વ દિશા તરફ મુસાફરી શરૂ કરી.

શ્રી મગનભાઈ, શ્રી શશીકાન્તભાઈ અને અમે બે. શ્રી મગનભાઈએ વિવિધ પ્રકારનાં ભાથાં, સીધું-સામાન, સૂકા મેવાનો ભરપૂર ભંડાર સાથે લીધાં હતાં. શ્રી મગનભાઈએ પૂ.શ્રીને કોઈ જાતની તકલીફ ન પડે તેની કાળજી રાખી હતી.

મુસાફરી શરૂ થઈ. અમે બન્ને ભારતની રીતે પાછળની સીટ ઉપર બેઠાં. ભજનોનો કાર્યક્રમ ટેઈપ ઉપર સાંભળતાં સાંભળતાં ૧૬૬ કિલોમીટર મુસાફરી પૂરી કરીને વીટબેન્ક નામના શહેરમાં આવી ગયાં. પેટ્રોલ ભરાવ્યું. ઘડિયાળમાં સાડા નવ થયા હતા.

અહીં પેટ્રોલ પંપ ઉપર આફ્રિકન બહેનો જ કામ કરતી હતી.

અહીં પેટ્રોલ ભરાઈ જાય ત્યાં સુધી નીચે ઊતર્યાં.

વીટબેન્કથી ક્રુગર નેશનલ પાર્ક જતાં માર્ગમાં દશેક કિલોમીટર બીજી દિશામાં સઢવાલા કેવ્સ આવે છે. સઢવાલા ગુફા આ દેશની પ્રખ્યાત કોંગો ગુફા કરતાં નાની છે. તે જોવા જવાનું વિચાર્યું.

૩૫૦ કિલોમીટર મુસાફરી કરીને બરાબર બાર વાગ્યે સઢવાલા કેવ્સ આવી ગયાં. ત્યાં આફ્રિકનો પથ્થરનાં વિવિધ ઘાટનાં વાસણો વેચતાં હતાં. ત્યાં તપાસ કરતાં ખબર પડી કે એક વાગ્યે ગાઈડ સાથે ગુફામાં જઈ શકાશે.

૩૫ જેટલાં પગથિયાં ચઢીને ઉપર જવાનું હતું. બીજે રસ્તે થોડું ઓછું ચઢાણ હતું તેથી ગાડી ત્યાં લઈ ગયાં.

ગુફા ચાર કિલોમીટર લાંબી વિશાળ હતી. અંદર વીજળીની વ્યવસ્થા હતી. ગુફામાં વરસોથી કુદરતી પાણીના ટપકવાથી પથ્થરોના જુદા જુદા આકારો આપોઆપ થયા હતા, તે જોવાનો આનંદ આવ્યો. વીજળી બંધ કરીને પણ દૂર દૂર અંદર લઈ જઈને બતાવ્યું તો ભયંકર અંધકાર છવાયેલો હતો. તે ઘણી મોટી, ઊંચી ને લાંબી ગુફા હતી. અંદર જવાની ટિકિટ ૨-૫૦ રેન્ડ હતી.

ગુફા જોવામાં દોઢ વાગી ગયો હતો. એટલે ત્યાં બહાર ઝાડ નીચે ખુલ્લામાં શેતરંજી નાખીને નાસ્તો કરી લીધો. શ્રી મગનભાઈએ તૈયાર કરાવેલી વિવિધ વાનગીઓ મરચાં વિનાની અને દૂધમાં બનાવેલી હતી. એ પૈકી લાડુનો સ્વાદ પૂ.શ્રીએ માણ્યો. થોડાં લીલાં ફળ લીધાં.

અઢી વાગ્યે ત્યાંથી ફરી મુસાફરી શરૂ થઈ. દશ કિલોમીટરનું અંતર કાપી અમે મુખ્ય માર્ગ ઉપર આવી ગયાં.

માર્ગમાં બનેનો બાજુ ફળોના બગીચાઓ જોવા મળ્યા. કેળાંની વાડી, લીલીછમ હરિયાળી, વૃક્ષોથી છવાયેલા માર્ગો ! પહાડી ચઢ-ઊતર છતાં માર્ગો પાકા ને પહોળા હતા. રસ્તાને ખીણ તરફ લોખંડ પાઈપથી બાંધ્યો હતો. જેથી રાત્રે ચળકતો હોય છે. ખેતરોની વાડ જાસવંતીનાં કે એવાં વિવિધ છોડ-પુષ્પોથી ઊંચી ઊંચી બનેલી હતી.

માર્ગમાં ઘણીવાર ગાયોનાં ટોળાં મળતાં હતાં. જેની સાથે બબ્બે ગોવાળો હોય. તેઓ કેસરી ઝંડા હાથમાં રાખી દૂર દૂરથી ફરકાવીને માર્ગ પસાર કરતા હતા.

વાઈટ રીવર થઈ, ચાર વાગ્યે સ્કુકુઝા નામના સ્થાનમાં આવી ગયાં.

લગભગ ૫૦૦ કિલોમીટરની મુસાફરી કરીને સ્કુકુઝાના ગેટમાં દાખલ થયાં. ત્યાંથી આપણને અગાઉથી પ્રિટોરીઆ શહેરમાં કરાવેલા બુકિંગ મુજબ અહીંની પરમીટ મળે. તે પરમીટવાળી ગાડી ઉપર લીલા રંગનું, સિંહના ચિત્રવાળું સ્ટીકર લગાડી દે છે.



થોડી જ વારમાં સ્કુકુઝાના કેમ્પમાં આવી ગયાં.

૧૯૯ નંબર, ૨૦૦ નંબરનાં કુટિયા આકારનાં બે સુંદર મકાનોમાં અમારું બુકિંગ હતું. પૂ.શ્રીએ દરવાજામાં પ્રવેશતાં જ ૧૯૯ નંબરની જે કુટિયા હતી તે પસંદ કરી.

કુટિયામાં સામાન ગોઠવીને થોડો આરામ કર્યો.

આઠ થી નવ દરમિયાન, ધ્યાન, પ્રાર્થના, યોગેશ્વરબાવની વગેરે કાર્યક્રમ કરીને ફળ-દૂધ લીધાં.

આજે બપોરે અલ્પાહારમાં લાડુ લેતાં લેતાં પૂ.શ્રી ગાવા લાગેલા.

સાકર શેરડીનો સ્વાદ તજીને
કડવો તે લીમડો ઘોળ મા રે !
લાડુ વિના બીજું તોડ મા રે!
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.

જુઓ. હું મુંબઈમાં ભણતો ત્યારે પહેલો નંબર જ લાવતો. તેમ ભોજન પણ એક નંબરનું જ અમે તો પસંદ કરીએ!

આજનો બધો જ અલ્પાહાર પૂ.શ્રીએ જ સૌને પીરસ્યો હતો.

સઢવાલા ગુફામાંથી બહાર નીકળતાં એક હિન્દી ભજનનું સ્ફુરણ પૂ.શ્રીના અંતરમાં થયું. જેની પ્રથમ લીટી નીચે મુજબ હતીઃ

કરો પૂરણ કામના મેરી;
હે રામકૃષ્ણ ! મેં આયા શરણમેં તેરી.

સ્કુકુઝાના કેમ્પમાં સંપૂર્ણ સગવડ, પલંગ, ગાદલાં, સંડાસ, બાથરૂમ, રસોડું, ફ્રીજ, એરકન્ડિશન સુદ્ધાંની પણ સગવડ હતી.

જંગલમાં મંગલ એ વાત જાણે અહીં સત્ય લાગતી હતી.

હરિઃૐ

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ શ્રી શંકરાચાર્યકૃત 'દક્ષિણામૂર્તિસ્તોત્ર'નો ભાવાનુવાદ ॥

૧

લાગે અંતરદર્પણે નગર શું માયામયી વિશ્વ, જે
વ્યાપ્યું છે દિસતું બહાર સઘળે, નિદ્રામહીં સ્વપ્ન શું,
તે આત્મામય લાગતું, અનુગ્રહે જ્ઞાનોદયે જે હતા
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૨

આરંભે બીજરૂપ જે જગ હતું આકારહીણું, અહો
માયાના બળથી કર્યું પ્રગટ તે વિચિત્રતાથી ભર્યું,
વિસ્તાર્યું દઈ નામરૂપ વિવિધા સંકલ્પથી જેમણે
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૩

જેને વ્યક્ત અસત્ય બાહ્યરૂપની સૃષ્ટિ વિકારી દિસે,
જે વિશ્વાસ સદૈવ વેદવચને રાખી જુવે તેમને
આપે આશ્રય નિત્યમુક્ત પદનો પાછા ન ત્યાંથી ફરે,
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૪

દીવાની પ્રસરે પ્રભા ઘટતણા કાણાં વડે તેમ આ
ઈન્દ્રિયો થકી આત્મતેજ દિસતું 'હું'નું થતું ભાન ને
જેના તેજ વડે સમસ્ત જગ આ ભાસે સદા ચિન્મય
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૫

અજ્ઞાની જનને દિસે જડ બધું માયાતણી શક્તિથી
ઈન્દ્રિયો મન પ્રાણ બુદ્ધિ ગણતા ભ્રાન્ત વડે આત્મને



તે વ્યામોહ વિનષ્ટ સર્વક્ષણમાં જેની કૃપાથી થતો
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૬

ઢંકાયા જ્યમ રાહુથી રવિશશી અજ્ઞાનમાં તેમ સૌ
જીવાત્મા સમજે નહીં સ્વરૂપને હોયે સુષુપ્તિ મહીં,
સૂતો હું જ હતો કહે સજગ થૈ, જાણે અવસ્થા ત્રણે,
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૭

સ્વપ્ને જાગૃત કે સુષુપ્તિમહીં ને વાર્ધક્ય, યુવા, શિશુ,
જીવો સૌ કરુણા દયા અનુભવે સર્વેઅવસ્થા મહીં,
સાક્ષાત્કાર કરાવતા અનુગ્રહે આત્મતણો ભક્તને
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૮

જોડાયા સહુ કાર્યકારણતણા સંબંધથી વિશ્વમાં
જેવાં કે ગુરુશિષ્ય, બાપ દીકરા, સ્વામિત્વના ભેદથી
સ્વપ્ને જાગૃતિમાં પુરુષ શ્વસતા જાણી લઈ જેમને
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૯

પૃથ્વી, વારિ, પ્રકાશ, અંબર, હવા, આદિત્ય ને ચંદ્રમા
આઠે રૂપ ધરી ચરાચર મહીં વ્યાપી પ્રકાશી રહ્યા !
તેનાથી ચઢિયાતું કોઈ જગમાં બીજું નથી દીસતું
તે મારા ગુરુને નમું ફરી ફરી શ્રી દક્ષિણામૂર્તિને !

૧૦

આત્માથી સહુ વ્યાપ્ત છે કણકણે એવું સ્તવે સ્તોત્ર આ
તેને જો સુણી ધ્યાન ને મનનથી, ગાયે વળી ચિંતવે,

પામે ઈશ્વર ચેતના પરમ ને ઐશ્વર્ય યત્નો વિના,
આઠે સિદ્ધિ વિના વિલંબ મળતી, શક્તિ મહાદેવની !

૧૧

(હરિણી છંદ)

તરુવર વડલાની પાસે રે'તા સદા જે
સકલ મુનિજનોને આપતા આત્મજ્ઞાન
ત્રિભુવન ગુરુ વ્હાલા દક્ષિણામૂર્તિ દેવ
જનમ મરણ ટાળે નિત્ય તેને નમું હું !

૧૨

(અનુષ્ટુપ છંદ)

વડ નીચે ભણે, વૃદ્ધ શિષ્યો યુવા ગુરુ કને
મૌન વ્યાખ્યાનથી છેદે શિષ્યોના સંશયો ખરે !

૧૩

ઓમકારને નમું છું હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપને
પ્રશાન્તને, પવિત્રને, દક્ષિણામૂર્તિને નમું !

૧૪

ભંડાર સર્વ વિદ્યાના, વૈદ્ય જે ભવરોગોના,
ગુરુ છે સર્વ લોકોના, દક્ષિણામૂર્તિને નમું !

૧૫

(મંદાક્રાન્તા છંદ)

સૌએ તત્ત્વો પ્રગટ કરતા બ્રહ્મજ્ઞાની યુવાન
ટોળા વચ્ચે જરઠ ઋષિના જ્ઞાનભૂખ્યા સદાય
આત્મારામી, વરદ કરથી નિત્ય આશિષ દેતા,
હૈયું પ્રેમે સ્તવન કરતું દક્ષિણામૂર્તિ કેરું !

**—શ્રી ઈશ્વરભાઈ ભક્ત**

**('પરમાર્થી')**



## ॥ પૂ.શ્રી જ્યોતિર્મયી માતાજીની ડાયરીનાં તેજકિરણો ॥

[પૂ.શ્રી યોગેશ્વરજીનાં માતાજી જ્યોતિર્મયી કોઈ સામાન્ય સાંસારિક માનવી ન હતાં કિન્તુ અધ્યાત્મરંગે રંગાયેલાં પરમાત્માપ્રેમી તપસ્વિની હતાં. હિમાલયમાં સાધનાકાળ દરમ્યાન તેમજ દેશવિદેશની પ્રવચનયાત્રામાં પૂ.શ્રી યોગેશ્વરજીએ તેમને સાથે રાખ્યાં. તેઓશ્રીએ પણ પુત્રમાં સદા મહાત્મા કે પ્રભુ નિહાળ્યા. આમ પુત્રની અનન્ય માતૃભક્તિ તેમજ માતાજીની અપૂર્વ પ્રભુપ્રીતિને કારણે માતા-પુત્રની બેલડી અધ્યાત્મ-ઈતિહાસમાં અવિસ્મરણીય બની રહી છે.

ઈ.સ.૧૯૪૮માં માતાજીએ લખેલી ડાયરી તેમના જાગૃત, સંવેદનશીલ, પ્રભુપ્રેમી હૃદયની એક અનેરી સોગાદ છે. એ સમયે ગામડાગામની, બે-ચાર ધોરણ ભણેલી સ્ત્રી ડાયરી લખે એ ઘટના જ બહુ વિસ્મયકારક છે. એ ડાયરીના કેટલાક અંશો તો એટલા સહજ-સરલ છતાં ગહન ને માર્મિક છે કે, એ કોઈપણ અધ્યાત્મપ્રિય હૃદય પર ઘેરો પ્રભાવ મૂકી જાય છે. પરમ પૂ.શ્રી માતાજીની ડાયરીના કેટલાક 'તેજેમઢ્યા શબ્દો' અહીં પ્રસ્તુત કરી, તેઓશ્રીના અંતરભાવમાં નિમજ્જન કરાવવાનો અહીં પ્રયત્ન કર્યો છે.]

✻ ખરેખર જે પ્રભુની સાથે જ પ્રેમ કરતાં શીખે છે તેની સાથે કોણ પ્રેમ નથી કરતાં ? બસ, આપણામાં સત્યપ્રેમ જાગવો જોઈએ.

✻ જે પોતાનું જીવન ઈશ્વરપ્રેમમાં રંગી પોતાના આત્માનું કલ્યાણ કરવા ચાહના કરે છે. તે ખરેખર પૂર્વના સંસ્કારોથી જ આવા માણસોમાં આનંદ પામવા તક પ્રભુ મેળવી આપે છે.

✻ આ મહાન મોંઘો અવસર-તેનો લાભ પણ સમજવો, સમજી લૂંટી લેવો તેમાં પણ પ્રભુની પૂર્ણ કૃપાના દાનની મહેર છે.

✻ અહાહા ! આ રંક માતાજી ! ભાઈનાં પવિત્ર દર્શન નિહાળતાં હું તો ધન્ય બની ગઈ. બસ હું તો જોયા જ કરું. સત્ય પ્રેમથી કરોડો વાર આશિષ આપી રહી છું.

✻ સંસારમાં જન્મ ધરી બસ પ્રભુની સાથે જ પ્રેમ જોડ્યો. જીવન ધન્ય કરી, જીવનનું સાચું સુખ પ્રાપ્ત કરી પૂર્ણ શાંતિ મેળવી.

✻ ભાઈના હસ્તની એક તાળી, કરતાલ તથા એક સરખો મીઠો ભાવ અમૃત ઝરતાં મીઠાં મીઠાં વાક્યો, જ્ઞાનગંગાજીના પાનથી કોને વિયોગી રહેવું ગમે ? મને તો સાથે રહેવાની ખૂબ જ ઇચ્છા. પ્રભુ પૂર્ણ કરો એવી જ પ્રાર્થના. 'મને ચાકર રાખો જી ગિરધારી લાલા...ચાકર રાખોજી.'

✻ સત્સંગ જેવો સુખનો બીજો કોઈ માર્ગ નથી.

✻ હે પ્રભુ ! સૌથી સમર્થ રાધાવરનો આશરો.

'સૌથી સમર્થ રાધાવનરનો આશરો,
જેના નામે ઉતરવું ભવ પાર જો.'

✻ ખરેખર શિવ અને શક્તિ એક જ છે. જેને જેની ઉપાસના તેને તે જ સહાય કરે છે.

✻ પ્રભુનો રસ પૂરણ પ્યારો છે તે ચાખવા કોને મળી શકે છે ? તેને માટે તો કોઈક જ ભાગ્યશાળી નીવડે છે. રસ ચાખે રસના અધિકારી. વાતોથી ચાખી શકાય નહિ.

✻ આપણે તો જીભનો નજીવો સ્વાદ પણ જીતી શકતાં



નથી. તો જે ચોમેર ઘોડાઓની લગામ કબજે કરી, તેના ઉપર સવાર થઈ બેસી જવું જીત કરવી તે શું નાનાં છોકરાનાં ખેલ છે ? અનેક આવરણો સહેવાં પડે છે. અનેક કષ્ટો નડે છે. તે બધાં દૂર કરી પ્યારા પ્રભુના પ્રેમરંગમાં રંગાઈ, જીવન ધન્ય કરી પૂર્ણ શાંતિ મેળવી.

✻ બ્રહ્મચારીજી ખૂબ જ મસ્તીમાં છે. સામે જ પવિત્ર મંગલ મૂર્તિ નિહાળતાં એકીટસે જોઈ રહી છું. ધ્યાન ચૂકાય જ કેમ ? મને તો પ્રભુની કૃપાથી મહાન મોંઘા અમૂલ્ય અવસરનો લાભ લૂંટતાં ઘર કે ગામ ખરેખર યાદ આવતાં જ નથી. હમણાં તો આનંદ આનંદમાં રમી રહી છું.

✻ મારા સત્ય પ્રેમથી હજારો-કરોડોવાર ભાઈ, આ રંક માતાજી આશિષ આપતાં ચરણમાં નમી રહી છે. ધન્ય છે મારા જીવનને કે મને પણ આ પ્રભુની લીલા જોવાનો અવસર મળી શકે છે.

✻ હે પ્રભુ ! તારા ચરણમાં સદા પ્રેમ વધજો. હંમેશાં મારાં પવિત્ર નેત્ર તારી ઝાંખી કરી આનંદ પામે. હસ્ત તારી સેવાનો લાભ લે. કાન તો ક્ષણેક્ષણ કથામૃત પાનનો લાભ લઈ પવિત્ર બને. મારું હૃદય તો બસ તારા પવિત્ર પ્રેમમાં મસ્ત રહે.

✻ કોઈનું ભલું થાય તેવા જ વિચારોની ઇચ્છા કરવી.

✻ આખરે સત્યનો જય છે. અસત્ય આગળ હંમેશાં વધતું નથી.

✻ હંમેશાં જમવાથી આનંદ થતો નથી. આનંદ તો ખરો પ્રેમનો છે.

✻ ભાઈને પ્રેમભર્યા નેત્રથી નિહાળતાં શું આ રંક

માતાજીના હૃદયનો ઉભરાવ ! અહાહા ! શું તે શુભઘડીનો લાભ લૂંટવાનો ઈશ્વરે અવસર આપ્યો છે ! રાત-દિવસ કયાં પસાર થાય છે તે કંઈ જણાતું નથી. બસ, મને તો સત્ય પ્રેમ પ્રેમ ને પ્રેમ જ વરસ્યા કરે છે. ભાઈ, તમારી જય હો જય હો, જય હો, જય હો, જય હો, જય હો, જય હો...

✻ ભાઈના રહેવાનું નિવાસસ્થાન આશ્રમમાં. ત્યાં પણ ખૂબ જ એકાંત હતું. ભાઈને ભજન-સાધન માટે શાંતિનું સ્થાન હતું. ખરેખર રાત-દિવસ ભાઈ વધારે પ્રમાણમાં ભજન ધ્યાનમાં ગાળે છે. રાત્રિનો આનંદ તો અનહદ. તેનું વર્ણન કેવી રીતે કરી શકું ? સારી રાત્રિ જરા પણ ઊંઘ ભાઈને નથી આવતી. બસ, પ્રભુપ્રેમમાં મસ્ત આંટા મારે છે. હું જાગીને જોઉં છું તો ધ્યાનમાં કે મસ્તીમાં મસ્તાન. કોઈ મહાન યોગીનું સ્વરૂપ નિહાળતાં, મારી આંખોમાંથી તો પ્રેમાશ્રુની ધારા ચાલ્યા કરે છે. તો પણ ધ્યાન ચૂકતી નથી. બસ, જોયા જ કરું છું. ધન્ય છે ભાઈ તમારી ભક્તિને તથા દૃઢ શ્રદ્ધાને કે પ્રભુનો પ્રેમરસ ચાખતાં જીવનને રંગીને મહાન પુરુષ બન્યા.

✻ બ્રહ્મચારીજીના (મહાત્માજીના) નિવાસ પર એકાંત, શાંતિ એકદમ લાગે છે. સાંજના ચાંદનીમાં મજા. ઠંડી રાતે ઊંઘ પણ ચાલી ગઈ છે. વઢવાણ કૅમ્પ સ્ટેશનની પણ નજીક છે. અવાજ ધમધોકાર ચાલી રહ્યા છે. રાત્રિના શહેનશાહ-રાજા. પ્રેમ-પ્રેમ ને પ્રેમ. તેના આનંદમાં મશગુલ. સારી રાત્રિ ભજન-ધ્યાનમાં. પ્યારા પ્રભુની મસ્તીમાં નિવાસમાં આંટા માર્યા કરે છે. શું આટલી શાંતિ મેળવી પોતાના જીવનની સફર કરી, સાચું સુખ મેળવી, પરમાનંદનો લાભ મેળવ્યો. જય જય જય જય જય હો.



✻ વહેલી સવારે જાગી ભાઈના આસન પર જોયું તો ખરેખર પૂર્વ દિશા તરફ મુખાકૃતિ રાખી ધ્યાનમાં નિહાળતાં 'ॐ શિવોઽહમ્'—ની મૂર્તિનાં દર્શનનો લાભ લઈ તે ઘડી પસાર કરી પરમ શાંતિ પામું છું.

✻ પ્રેમી લાભુબહેન તથા કનકબહેન બધાં સાથે જ મહાત્માજીના ભજનનો લાભ લેતાં હતાં. ખૂબ જ આનંદ આવ્યો તેમાં.

ગોવિંદો પ્રાણ અમારો રે,
મને જગ લાગ્યો ખારો રે
મને મારો રામજી વ્હાલો રે,
બીજો મારી નજરે ના આવે રે...ગોવિંદો..

આ ભજન ખૂબ જ પ્યારું હતું. શું ભજનનો ભાવ ! પ્રેમ પ્યારા પ્રભુના મધુરા સ્વર-મીઠા મીઠા

'ગોવિંદો પ્રાણ અમારો રે...

મને જગ લાગ્યો ખારો રે...'—ખારો કહેતાં ખારો હોતો નથી. ખારો જાણવો. આ અઘોર કળિયુગમાં તો કોઈ વીર પુત્ર જન્મી, શૂરો બની પ્રભુ પ્રેમનો પ્યાસી બની જાય છે. તલવારની ધાર છે.

'ભક્તિ શૂરવીરની સાચી રે,
લીધા પછી કેમ મેલે પાછી.' આવી વાત છે.

✻ આજે રાતના ચમત્કાર થયો કે વડોદરામાં નવગ્રહનાં દર્શન થયાં. સારી રાત તે જ મૂર્તિઓ આંખો સમક્ષ દેખાઈ. શું પ્રભુ તારી દયા છે ? મારાથી કેવી રીતે વર્ણન થઈ શકે ? તું અનેક ચમત્કારો કરી આનંદ આપે છે સારી રાત.

'સુરતાઓ લાગી તેની ભ્રમણાઓ ભાગી,

જેને સુરતાઓ લાગી તેની ભ્રમણાઓ ભાગી.'

ગાયા કરું છું. જાગીને જોઉં છું તો નારાયણ સ્વરૂપ ભાઈના દર્શન પેટ ભરીને કર્યા કરું છું. આ અમૂલ્ય અવસરનો લાભ મળવો દુર્લભ છે. લાભ લૂંટવાનો મળ્યો તો લૂંટવો. દુર્લભ છે આ તો. અમ દાસ પર પ્રભુની પૂર્ણકૃપા છે તેથી જ રસ ચાખીએ છીએ. પ્રાર્થના પણ રસના સ્વાદની જ પ્રભુને કરીએ છીએ.

✻ હે પ્રભુ, આવા તારા પ્રેમમાં જ રંગાએલાં બાળકોને જીવનભર દુ:ખમાંથી મુક્ત કરી શાંતિનો લાભ આપો. એ જ પ્રેમભરેલી પ્રાર્થના.

✻ રામકૃષ્ણદેવના જીવનકથામૃતના પાનનો લાભ લીધો. ભાઈ સુણાવતા હતા. શું તે પળની સફર ! દરેક ઘડીની મસ્તીનો લાભ લૂંટતા હતા.

✻ મારા ઉપર તો હે પ્રભુ, તારી કૃપાનું દાન હરહંમેશ વરસ્યા કરો, એવી જ ઇચ્છા છે. શું સંસ્કારો ! કેવાં કેવાં રત્નો જોવા મળે છે !

✻ શું ન કરી શકે સત્ય ? ઈશ્વરી પ્રેમ જાગવો જોઈએ.

✻ સંસારમાં સાચી વસ્તુ ઓળખી તેનો લાભ લે તે તો મહાભાગ્યશાળી છે. ખરેખર, આવા આત્માઓનો જન્મ સફળ થયો.

✻ સાંજે કીર્તન ભાઈએ કર્યું. ખૂબ ખૂબ આનંદ આવ્યો. મને તો તેમના હસ્તની ઝીણી ઝીણી કરતાલ ખૂબ જ ગમે છે. કેદારનો સૂર (રાગ) ખૂબ જ પ્યારો લાગે છે. બસ એકીટસે જોયા



જ કરું. અંતરની ઊર્મિઓનો આનંદ ક્યાં સમાય ? મને તો રાત્રિના આનંદનો લાભ લૂંટવામાં ખૂબ જ મજા પડે છે.

✻ બહેન, તારું જીવન સદા સુખી ઇચ્છું છું. બહેન, પ્રભુને પ્રાર્થના કરવી. જલદી જલદી ભાઈ સાથે રહેવાનો અમૂલ્ય લાભ મળી શકે. પ્રભુ જરૂર દયા કરી આનંદનો લાભ આપશે.

✻ પ્રિય બહેન, હંમેશાં ઈશ્વરસ્મરણ કરવું. શાંતિ રાખી આનંદમાં રહેવું. તેમાં જ સુખ માનવું. બહેનને પ્રભુ અનેક ચમત્કાર આપી આનંદ આપે છે. આટલી સમજ પણ પ્રભુની દયાથી મળી શકે છે.

✻ બહેન તારી પ્રેમભરી ધીરજ ને પ્રભુ સદા સદ્બુદ્ધિ આપો એ જ આશિષ પ્રેમથી માતાજી દર્શાવી રહ્યાં છે.

✻ 'નારાયણ ૐની રાતના ધૂન ચાલી રહી છે.

મહાત્માજી કી જય હો, ખૂબ જ પ્રેમપૂર્વક જય હો.'

રાતના જરા પણ ઊંઘ નથી. ઈશ્વરસ્મરણ જપ કરતાં છેક પાછલી રાત્રે ઊંઘ લીધી તો સ્વપ્નમાં સરોડાનું મોટું ચોગાન છે. સામે પૂર્વ દિશામાં મોટું આસન જોવામાં આવે છે. સફેદ ગરમ કામળો ઓઢેલા કોઈ બ્રહ્મચારીનાં દર્શન થયાં. ભાઈ સાથે જ બાજુમાં એક તખ્ત-ખાટ પર ભાઈ, સંન્યાસી મહારાજ તથા માતાજી બેઠેલાં છે. ત્યાં બ્રહ્મચારીજી આંટા મારે છે. તો ભાઈ કહે છે કે જરા ખૂબ ઊંચે જોઈ હસો, આવું સાંભળી એ જ પ્રમાણે ખૂબ જ હસે છે. પછીથી આસન પર બિરાજે છે. મહાત્માજી પાસે જમણી બાજુ મારું આસન છે. ત્યાં તો બીજા મહાત્માજીનાં દર્શન થયાં. ખૂબ જ સુંદર કાળા કાળા વાળ છે.

કેવી તો સરસ દાઢી છે ! કૌપીન ભગવાં છે. ભવ્ય મૂર્તિ છે. એકદમ ઉજ્જવળ વર્ણ છે. ખૂબ જ તેજસ્વી દેખાય છે. અમારી પાસે જ આસન પર બેઠા. તેમને નિહાળતાં મહાત્માજી એકદમ સમાધિમાં લાગી જાય છે. મને પણ તે પ્રમાણે થાય છે. તેથી ડર લાગ્યો. ત્યાંથી ઊભી થઈ ભાગવા લાગી. તરત જ ધ્યાનમાંથી જવાબ આપ્યો, 'તમે માતાજી ક્યાં જાઓ છો ? અમારી પાસે તમારું સ્થાન છે. ધ્યાનમાં જ છે.' તુરત જ આસન પર બેસી ગઈ ને જાગ્રત થઈ ગઈ.

✻ નારાયણભાઈ મુંબઈ સાથે ભણેલા તેની ચર્ચા થઈ. ભણવું તે તો નામનું જ હતું. પહેલેથી એકાંત પ્યારું હતું. કૃષ્ણ-સુદામા જેમ મિત્રાચારી સાથે ભણેલા. આખો દિવસ સાથે જ રહેલા. નાનપણનો સ્નેહ તથા અત્યારનો સ્નેહ પણ ખૂબ જ સત્ય છે. ભેટો (મળતાં) થતાંની સાથે જ ગદ્‌ગદ્ થઈ જાય છે.

✻ રાત્રે સૂતાં નિદ્રા ન આવી. શરીર દુખ્યા કરે છે. છેક પાછલી રાતે ઊંઘ આવી. ઊંઘમાં જાણે કે સરોડાનું મોટું મેદાન છે. મહાત્માજી તથા માતાજી સરોડામાં સાથે જ છીએ. મહાત્માજી ધ્યાનમાં છે. મકાન બંધ છે. ચારેક પ્રેમી બહેનો બહાર બેઠેલાં છે. હું પણ આંખો બંધ રાખી બેઠેલી છું. ખૂબ જ રડતા સ્વરે બહાર બેઠેલી બહેનોને કહું છું; 'ખૂબ જ લાભ લો. હાથમાં આવ્યો અવસર ચૂકશો નહિ ઓ બહેન, તે તો નારાયણસ્વરૂપ ભગવાન છે. તમે લાભ લઈ જીવન સફળ કરો. જવા દેશો નહિ. આવો અવસર ખૂબ જ દોહ્યલો છે.' અને સ્વપ્ન પૂરું થઈ જાય છે.

**—પ.પૂ.શ્રી જ્યોતિર્મયી માતાજીની 'ડાયરી'**



## ॥ એક જ સંત, એક જ પંથ, એક જ ગ્રંથ ॥

આજે ૧૫ ઑગસ્ટ, કૅલેન્ડરની મહિમાવંતી તારીખ. પ્રકાશના પંથે જીવનભર રહી, સ્વયં પ્રકાશરૂપ બની જનાર પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમજ પૂર્ણયોગના અધિષ્ઠાતા શ્રી અરવિંદનો પ્રાગટ્યદિન. શ્રી રામકૃષ્ણદેવની મહાસમાધિ અને ભારતદેશના સ્વાતંત્ર્યના અમૃતમહોત્સવની છડી પોકારતી તારીખ. આ પવિત્ર દિવસને તારીખીયાના એક 'સાધારણ પાના' તરીકે ઉલટાવી શકાય નહિ. આ એક એવું ગૌરવપૂર્ણ અટકસ્થાન-તીર્થસ્થાન છે કે, જ્યાં મસ્તક ઝુકાવ્યા વિના, એની શબ્દવંદના કર્યા વિના આગળ ગતિ કરી જ શકાય નહિ.

તા.૧૫ ઑગસ્ટ ૨૦૨૧ શતયોગવંદનમ્ પર્વની પૂર્ણાહુતિની તારીખ હતી. પણ કોરોનાને લીધે એ પર્વને એક ઑર વર્ષ લંબાવી, એને 'સાધનાપર્વ'નું અભિનવ રૂપ પૂજ્યશ્રી 'મા'એ અર્પ્યું. એટલે ૧૫ ઑગસ્ટ ૨૦૨૨નો આજનો પૂજ્યશ્રીનો પ્રાગટ્યદિન 'અધિક મહિમાવંતો' બની જાય છે.

**પૂ.શ્રી યોગેશ્વરજી : એક મહિમાવંત સંત**

વૈજ્ઞાનિક રીતે પૃથ્વી ન્યૂટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાન્તને આધારે ટકે છે. ધાર્મિક આસ્થા પ્રમાણે એ શેષનાગના મસ્તકે ટકી છે. પરંતુ વસ્તુતઃ તો 'સંતોના તપને' કારણે ટકી રહે છે.

સંતો દ્વારા જનજાગૃતિનું અદ્‌ભુત કાર્ય થતું રહે છે. માનવજીવનની ક્ષણભંગુરતા સામે ચેતવણી ઉચ્ચારી માનવજન્મ સાર્થક કરવાની તેઓ ચાવી આપે છે. સર્વ યુગોના સર્વ જ્ઞાનીઓનો સંદેશ આટલો જ છે : 'અહંકાર ત્યજો, આત્મતત્ત્વમાં સ્થિર રહો.' આ જ્ઞાનીઓ કોઈ વ્યક્તિ નથી, શુદ્ધ અસ્તિત્વ છે. એની ચેતનાથી આપણી ચેતના જાગી જાય છે.

મહાત્મા શ્રીયોગેશ્વરજી નિતાન્ત સાદગી અને પવિત્રતાના સંદર્ભમાં, એક પરમ ચેતનાની લક્ષ્યગામી ગતિ છે. એમના ઉપદેશમાં કશું રહસ્યમય નથી. એમનું જીવન 'ખુલ્લી કિતાબ' છે. બધા જ નિષ્ઠાવાન સાધકોને એમના મહાન ગ્રંથ 'પ્રકાશના પંથે'માંથી કોઈ ને કોઈ પ્રેરણા મળી જ રહે છે. એટલું જ નહિ એમની નિત્ય જીવંત ઉપસ્થિતિ દ્વારા એમની કૃપા પણ પ્રાપ્ત થતી રહે છે.

એટલે જ ૧૯૨૧માં સરોડામાં પ્રગટેલા તેઓશ્રીની અધ્યાત્મપ્રભા ગુજરાત, ભારત જ નહિ, વિશ્વના સઘળા દેશોના અધ્યાત્મમાર્ગી લોકો અનુભવી શકે છે.

કહે છે : સંતોને નથી હોતો જન્મ, નથી હોતું મૃત્યુ. હોય છે કેવળ જીવન ! જેમાં શાશ્વતીની સુગંધ હોય ! આકાશગંગાની જેમ પૃથ્વી પર સંતોની અમૃતગંગા વહે છે. એનું એક સમર્થ સ્પંદન એટલે પૂ.શ્રી યોગેશ્વરજી. જેમની 'હું ને મારો પરમેશ્વર' થી શરૂ થયેલી યાત્રા 'હું જ મારો પરમેશ્વર' 'હું જ જગદંબા' પર આવી અટકે છે.

વ્યક્તિગત ચેતનાનું વૈશ્વિક ચેતનામાં પરિણમન થાય છે. ને એક સંપૂર્ણ જાગેલો આત્મા પરમાત્મા બની જાય છે; વાત અહીં અટકતી નથી. તેઓશ્રીની સંપૂર્ણ જાગૃતિનો જીવંત સ્પર્શ પૂ.શ્રી'મા'ને સુવર્ણ જ નહિ, પારસ બનાવીને જંપે છે. જેનાથી આપણે સર્વ આજે ધન્ય છીએ. આપણે સર્વ એ પરમ ચૈતન્યના જ અંશો છીએ, એ પ્રકાશનાં તેજકિરણો છીએ.

**મહિમા : એકનિષ્ઠ ભક્તિનો**

આધ્યાત્મિક વિશ્વમાં એકનિષ્ઠ ભક્તિનો ભારે મહિમા છે. એનું કારણ બહુ સ્પષ્ટ છે કેમકે એક જ જગ્યાએ જો ખાડો ઊંડો ને ઊંડો ખોદાય તો સંભવ છે કે જલસ્રોત મળે પણ અનેક



જગ્યાએ અનેક ખાડા કરવાનો ઉદ્યમ કરીએ તો હાથમાં કશું ન આવે. એટલે જ પૂ.શ્રી'મા' કહે છે : 'મારા તો યોગેશ્વર ભગવાન' મીરાં કહે તેમ; 'મેરે તો ગિરિધર ગોપાલ'. આનો અર્થ અન્ય દેવોથી 'મારા દેવ' ચઢિયાતા એવો હરગિજ નથી. પણ મારી શ્રદ્ધા આમાં સંપૂર્ણ આરોપિત છે, મારી આ પ્રતીતિ છે. એટલો જ છે.

વળી, 'સ્વધર્મે નિધનં શ્રેયં' એ ન્યાયે મારો એક જ ધર્મ છે આત્મા સુધી જવાનો. એટલે જ અન્ય ધર્મ, કર્તવ્ય, ફરજ છોડી 'મામેકં શરણં વ્રજ' એમ શ્રીકૃષ્ણ કહે છે. તો આજના વાર્તાલાપનો વિષય આમાં ઈંગિત છે : ને તે એ કે, 'એક જ સંત, એક જ પંથ, એક જ ગ્રંથ.'

આ વિષયનો વિસ્મયકારક ઉદ્ભવ થયો મૌનમયી 'મા'ના તા.૭ ઑગસ્ટના બપોરના સત્સંગમાં ! 'હરિની શબ્દયાત્રા'ના વાચનના સંદર્ભમાં, પૂજ્યશ્રી યોગેશ્વરજીના 'પ્રકાશને પંથે'ના પોતાના ત્રણ દિવસની રજા લઈને કરેલા પારાયણની પવિત્ર, અદ્ભુત અનુભૂતિના પરિપાક સમું 'એક મહાવાક્ય' સ્લેટ પર પૂ.શ્રી'મા'થી લખાયું : 'એક જ સંત, એક જ પંથ, એક જ ગ્રંથ.'

આ 'મહાસત્ય' ચિત્તમાં દોહરાયું અને એની ધરી પર જ આજનો વાર્તાલાપ ખડો થઈ ગયો ! કોઈ આદેશ-ઉપદેશ નહિ પણ જીવનમાં રસાઈને આવેલો પૂ.શ્રી'મા'નો આ બોધ સૂક્ષ્મ સંકેતરૂપે એવો અનુભવાયો કે તેઓશ્રીના એક હાથે આ વિષય વરદાન બન્યો તો બીજે હાથે 'ગુરુમહિમા'ની નાન્દી બની સ્ફુર્યો. અને વાર્તાલાપ એ શક્તિથી જ સંચારિત થયો.

કહેવાય છે કે જ્યારે આત્મદર્શી સંત મૌન ધારે છે. ત્યારે એમનું આખું અસ્તિત્વ એમને પ્રાર્થે છે, વીનવે છે કે, 'બોલો' ને એમના શ્રીમુખે જે શબ્દો આવે છે તે 'સત્યવચન' બની એવાં

પ્રસરે છે કે, એમાં વેદના સારનો અનુભવ થાય. આ હૉલના વાયુમંડળમાં આપણે સૌ એની ખુશ્બૂ અનુભવીશું. જેમ ફૂલ ખીલી સુગંધ પ્રસારે, દીપ પ્રગટી તેજકિરણો પ્રસારે તેમ પૂ.શ્રી'મા' થકી પ્રસ્ફુટિત આ વિષય આપ સમક્ષ પ્રસ્તુત થશે.

**એક જ સંત**

પૂ.શ્રી'મા'ની શ્રીકલમ 'એક જ સંત' એમ લખે ત્યારે 'એક' સંખ્યાવાચક વિશેષણ મટી, સહેજે શ્રી યોગેશ્વરજીના વિશેષનામનું સમીકરણ બની જાય છે. કેમકે ૧૯૭૦ થી આજની ક્ષણ સુધીની શ્રીસદ્‌ગુરુસંનિધિનું એમાં સળંગ સાતત્ય છે. 'યોગેશ્વર નિત્ય અહમ્ નમામિ'નું એ સહજ સ્ફુરણ છે.

સદ્‌ગુરુ સાથેની અભિન્નતા, એકરૂપતા, અદ્વૈતનું એવું પ્રમાણ પૂજ્યશ્રી'મા'નું સંપૂર્ણ જીવન છે કે, 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' જાણે 'સદોદિત-સદા ઉદયમાન સૂર્ય' તરીકે સોહી ન રહ્યો હોય !

પૂજ્યશ્રી યોગેશ્વરજી એક જ અને અનન્ય સંત એ'મા'ની પોતાની અનુભૂતિ તો ખરી જ. પણ બીજું કારણ એ પણ ખરું કે, 'સંતનો મહિમા' ચરિતાર્થ કરતાં શાસ્ત્રસંમત સર્વ લક્ષણો પૂ.શ્રીયોગેશ્વરજીમાં મોજૂદ છે; જેમકે :

૧. સંતનું જીવન જ જગતના કલ્યાણ માટે હોય છે. તેથી જગત પર જેટલા એમના ઉપકાર છે એટલા બીજા કોઈના નથી.

૨. સંતનો વિશ્વપ્રેમ જગતમાં જે કલ્યાણની અમૃતધારા વહાવે છે એ ધારા ન હોત તો જગત સૂકાઈને નરકાગાર બની ગયું હોત.

૩. સદ્-અસદ્ તત્ત્વો વચ્ચે યુદ્ધ તો સતત ચાલ્યા જ કરે છે પરંતુ સંતની સર્વમંગલની ભાવના જ આસુરી બળોને સ્થાયી થવા દેતી નથી.



૪. સંત જ્યાં નિરુપાય થઈ જાય ત્યાં સંતના રક્ષણાર્થે સ્વયં ભગવાનને અવતાર ધારણ કરવો જ પડે છે.

૫. સંતના શુદ્ધ-સાત્ત્વિક પરમાણુઓથી સદાચાર અને સત્યની રક્ષા થાય છે.

૬. સંત ભગવાનના પ્રત્યક્ષ વિગ્રહ છે, ભગવાનને મળવું અશક્ય જેવું ! પણ સંત આપણને મળવા જ સંસારમાં આપણી વચ્ચે રહે છે, નિકટ રહે છે. વૈકુંઠ પહોંચાડી દે છે.

૭. જગતના પ્રત્યેક જીવની પ્રતિકૂળતાઓને અનુકૂળ કરવા સદા પ્રયત્નશીલ રહે છે.

૮. સંતની વાણીમાંથી 'અમર જ્ઞાનામૃત' ઝરે છે. એમનાં નેત્રોમાંથી 'પ્રેમની સુખદ જ્યોતિ' પ્રગટે છે એમના હૃદયમાંથી 'આનંદધારા' વહે છે. એમની સંનિધિમાં આવનારના ત્રિતાપ હરે છે.

૯. સંતની સંનિધિમાં પ્રત્યેક વ્યક્તિ પ્રસન્ન-શાંત બની જાય છે.

૧૦. આવા સંત જ્યાં વસે છે એ દેશ પુણ્યતીર્થ બની જાય છે.

૧૧. એ જે ઉપદેશ આપે તે પાવન શાસ્ત્ર બની જાય છે.

૧૨. એ જે કર્મ કરે તે સત્કર્મ થઈ જાય છે.

૧૩. આવા સંતોથી કુળ પવિત્ર બને છે, જનની કૃતાર્થ થાય છે, પૃથ્વી પુણ્યશાળી બને છે.

૧૪. સસ્તી કીર્તિ, પ્રતિષ્ઠાને વિષ્ટા માની તેનાથી દૂર રહે છે.

૧૫. ધન-વામાથી સદા દૂર રહે છે.

૧૬. સર્વમાં સર્વત્ર ભગવાન વિરાજેલા જુએ છે.

૧૭. પ્રતિદિન નિયમિત સમય સાધનાનો હોય છે. પછી એ ધ્યાન, પ્રાર્થના, વ્રત, ઉપવાસ, જપ-સમાધિ, યોગાસન-લેખન-પ્રવચન કેમ ન હોય !

૧૮. વિકાર-વાસના કદી ઉદ્‌ભવે જ નહિ.

૧૯. કેવળ આત્મવશ મન-બુદ્ધિના માલિક.

૨૦. સંસારી પદાર્થો વિશે સંપૂર્ણ અપરિગ્રહી

૨૧. નિયમિત મિતાહાર

૨૨. ઈશ્વરસ્મરણ અવિચ્છિન્ન

૨૩. પોતાના ઈષ્ટ સર્વોપરી, બીજાના ઈષ્ટ માટે સમાદર

૨૪. શિષ્યોનું-અનુયાયીઓનું મંડળ કદી ન રચે.

એટલે જ પૂ.શ્રી'મા'એ આ ઈશ્વરદર્શી સંતનો સાથ કદી ન છોડ્યો. આજે પણ પૂજ્યશ્રી'મા' પોતાના સદ્‌ગુરુના પ્રત્યેક વિચાર, સ્પંદનને ઝીલી એ પ્રમાણે પોતાનું તેમજ સારા સંસારનું સંસ્કરણ કરી રહ્યાં છે.

આ 'એક જ સંત'ની સતતવાહી કૃપાથી પૂ.શ્રી'મા'નો ૨૬ કરોડ જપનો સંકલ્પ થયો છે. એમાં કેવળ દોઢ કરોડ જ ખૂટે છે. કહેવાય છે કે, ૧૩ કરોડ જપથી મનુષ્યનો પ્રત્યેક સંકલ્પ સિદ્ધ થઈ જાય છે. પૂ.શ્રી'મા' કહે છે : 'શાસ્ત્રો માગે છે ૧૩ કરોડ. અમે ઈશ્વરની કૉર્ટમાં ગૌરવભેર ઊભાં રહી કહીશું : લો અમે ધર્યા ૨૬ કરોડ !'

હવે 'એક જ સંત' વિધાન 'તાત્ત્વિક દૃષ્ટિએ' તપાસીએ તો—

સંત એક જ હોય કેમકે સદ્‌ગુરુ-પરબ્રહ્મ એક જ છે. એના સિવાય કોઈ વસ્તુ જ નથી, અથવા જે કોઈ વસ્તુ છે તે તે જ છે. ઉપનિષદમાં 'તત્ત્વમસિ' કહેવાયું છે એનો અર્થ પણ એ જ છે કે,

તત્ત્વ કેવળ એક જ છે.

જ્યારે કોઈપણ દેવ કે દેવીની સ્તુતિ થાય છે ત્યારે 'તમે જ સર્વ કાંઈ છો. તમારા સિવાય કંઈ જ નથી.' એ ભાવ જ મુખ્ય હોય છે. પછી એ સ્તુતિ ગણપતિની હોય, શંકરની હોય શ્રીવિષ્ણુની હોય કે હનુમાનની.

ગુરુમાં બધાં જ તત્ત્વો-સંબંધો સમાવિષ્ટ છે



એ સૂચવવા જ તો,

'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવમ્'

એટલું જ નહિ,

'ગુરુ બ્રહ્મા, ગુરુવિષ્ણુ, ગુરુદેવો મહેશ્વર,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ।।'

કહેવાય છે. તો આમ આપણી આગળ-પાછળ, ઉપર-નીચે, બહાર-ભીતર 'એક જ તત્ત્વ' રહેલું છે. ચાહે તેને ગુરુ કે સંત કહો, ઈશ્વર કહો કે આત્મા કહો. 'All IS ONE'.

મૂળ વાત તો આ તત્ત્વ સાથેના 'આપણાં અનુસંધાનની છે !' અર્થાત્ જો પરમતત્ત્વ-પ્રભુપરસ્ત રહ્યા તો શાંતિ-આનંદ છે. દુનિયાપરસ્ત રહ્યા તો અશાંતિ ને અજંપો છે.

તેથી વિશ્વભરના સંતો એકી અવાજે કહે છે :

'ક્ષણજીવી પદાર્થો પાછળ દોટ મૂકવાને બદલે
શાશ્વત પરમાત્મા તરફ અભિમુખ બનો.'

**એક જ પંથ : અધ્યાત્મનો-સત્યનો-પ્રકાશનો**

પંથ એક જ છે અધ્યાત્મનો-આત્મા તરફ અભિમુખ થવાનો ! એમાં નથી કોઈ આગળ નથી કોઈ પાછળ ! પ્રભુ આપણાથી દૂર તો છે નહિ કે તેના ભણી આપણે યાત્રા કરવી પડે.

એ તો આપણા પ્રાણોમાં વસે છે. એની અનરાધાર વર્ષામાં આપણે અહર્નિશ ભીંજાયેલાં જ છીએ. આપણી અંતરવીણાનો તાર પ્રભુ સાથે જોડાયેલો રહે તો આપણું પ્રત્યેક કર્મ પ્રભુપૂજાનું પુષ્પ બની જાય.

જ્યારે અહં-મમનાં આવરણો દૂર થશે ત્યારે જીવનવિભુના

પ્રકાશનો અનુભવ થશે. ત્યાં પછી નથી હું-તું, અમે-તમે ના કોઈ ભેદ ! ત્યાં છે : સર્વનાથ, સર્વમય, સર્વેશ્વર !

પ્રત્યેક વ્યક્તિમાં સંભાવના પડેલી છે એ ઉજાગર કરવા આ પંથ સહાયક.

મન-વચન-કર્મમાં સત્યની જ પ્રતિષ્ઠા, ક્યાંય અસત્ય મિથ્યા આચાર નહિ.

આહાર-વિહાર, વાણી-વર્તન-વ્યવહાર સર્વત્રમાં શુદ્ધિ ! સમગ્ર ઈન્દ્રિયોનું શુદ્ધીકરણ. બહિર્મુખી મટી, અંતર્મુખ બનવું.

એક ગામડિયાએ આ પંથની મહત્તા સાંભળી કહ્યું; 'ઘેટાંને આમને બદલે તેમ વાળવાં એમ જ ને !' સંતે કહ્યું; 'હા, બસ એમાં જ 'સંપૂર્ણ અધ્યાત્મ' આવી ગયું.' છેવટે યાત્રા તો 'અહંકારથી આભા' સુધીની જ છે.

**એક જ ગ્રંથ**

એક એવો ગ્રંથ જે આપણી બધી જ ગ્રંથિઓને ભેદી, પરમાત્મા સાથે અભેદ-એકત્વનો અનુભવ કરાવે. તમામ રાગદ્વેષો દૂર કરી, પ્રભુપ્રીતિ પ્રસારે. તે અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને મહામૃત્યુમાંથી અમૃત સમીપે લઈ જાય. આનું એક ઉદાહરણ લઈએ તો–

'પ્રકાશના પંથે' જેવો સદ્‌ગ્રંથ સાધકોને સાધનાપંથે પ્રેરનારો માર્ગદર્શક સ્તંભ બની શકે છે. શ્રી યોગેશ્વરજીના અંતરાત્માની અંતઃક્ષમતા, જગદંબાસ્વરૂપ થઈ શકવાનું એમનું સામર્થ્ય અનુભવી વાચક પણ પોતાના અંધારાને ઓળખી, સંભવ છે કે પ્રકાશના પંથે પા પા પગલી પાડવા તૈયાર થાય.

**ઉપસંહાર**

'એક જ સંત, એક જ પંથ, એક જ ગ્રંથ' આ મહાવાક્ય દ્વારા પૂ.શ્રી'મા' સૂચવી રહ્યાં છે :



'અહીં એક સંતના આત્માની રોશની પૂર્ણપણે પ્રકટી છે. તમારે તમારો દીપક જલાવી લેવો હોય તો જલાવી લો.' વ્યર્થ વાતોમાં ના પડો કે;

'આવા સંત બીજે હશે ? નવા સંતનો અવતાર થશે ? દેશનો ઉદ્ધાર કયા સંત કરશે ? પરમાત્મા જો સ્વયં હોય હાજરાહજૂર તો ચૂપ કેમ છે ?'

તમે હૃદયને સાફ-ખુલ્લું-ખાલી કરી દો. આ નાહકના ચર્ચાવંટોળથી જાતને બચાવી લો. જાણી લેજો કે,

'જે શૂન્ય થવા રાજી છે તે જ પૂર્ણતાનો અધિકારી છે.' બહારની ખોજ છોડી, ભીતર ઝાંખો ત્યાં આત્મા પ્રતિષ્ઠ છે જ. તમે સ્વયં ચૈતન્ય છો, અંતઃસ્થિત થઈ જાઓ, જ્યાં 'એક જ તત્ત્વ' બિરાજમાન છે.

એક જ સંતને ચાહતાં-ચાહતાં સંભવ છે કે તમારા 'સૌનું સંતત્વ' જાગી ઊઠે !

**એક જ સંત, એક જ પંથ, નો મર્મ**

સમાજમાં 'Two is company, three is crowd' એમ મનાય છે, અધ્યાત્મમાં 'One is company, two is crowd.' એટલે–

'અકેલાપન સંસારમેં સબસે બડી સજા હૈ
પર એકાંત સબસે બડા વરદાન હૈ
જિસમેં રાસ્તા હમ હૈ, મંઝિલ ભી હમ હૈ, પથિક ભી હમ હૈ
યે અકેલાપન નહિ, 'અપનાપન' હૈ.'

સાચા સંતનો સત્સંગ 'આ અપનાપન'નો એહસાસ કરાવે છે. એ નિસ્સંગતાનું વરદાન બની રહે છે.

જ્ઞાનેશ્વર કહે છે તેમ; હે શ્રીકૃષ્ણ, તમારી સાથે સંબંધ થયા પછી સંસારનાં સર્વ બંધનો છૂટી જાય છે. તમારી સાથે સંબંધ

થતાં, સર્વ સંબંધોમાંથી મુક્ત થવાય છે.

૧. તમે જ 'મારા આત્માનું પ્રતીક' બનીને આવ્યા

૨. તમે જ 'ગુરુપદના સદેહ પ્રતીક'રૂપે ઉપલબ્ધ થયા

૩. ઈશ્વરસ્વરૂપ તો તમે છો જ.

—એટલે 'આત્મા-ગુરુ-ઈશ્વર' એક જ છે.

"હું તમારી ભક્તિ કરવા ગયો તો તમે મને ભગવાન બનાવી દીધો !

તમે તો તમારી-મારી વચ્ચે જે ભેદભાવનું કમાડ હતું તે જ ખોલી નાખ્યું. હું તમારાથી ભિન્ન છું જ નહિ; અભિન્ન છું. તમારી સાથે અભિન્નતા જીવવી એ જ પરમ સત્યનો એકમાત્ર પંથ છે.

'હે દેવાધિદેવના પણ સમ્રાટ ! હવે મારા ચિત્તમાં કોઈ ભેદભાવ રહ્યો નથી. એટલે તમારી ઈચ્છાનું નિઃસંદેહ પાલન થશે.'"

વળી, 'એક જ સંત', 'સંત' શબ્દને પૂરેપૂરા લાયક, અધિકારી એવા સર્વ સંત. સર્વ એકસૂરે માનવજાતને જીવનસંદેશ ધરી રહ્યા છે :

'તમે પણ ફૂલ છો. અત્યારે ભલે વૃક્ષમાં સ્ફુટ-અર્ધસ્ફુટ કળીરૂપે હો. તમારે તમારી સુગંધ ખોજવાની છે. જે ગીત તમારે ગાવાનું છે એ તમારી ભીતર જ છે.

જીવન તો આવ્યું છે એવું જવાનું જ છે. એને પકડો નહિ, વહેવા દો, એ વહે તો એને રોકો નહિ. સદા પ્રસન્ન-શાંત રહો.

ક્યાં તો મટી જાઓ પ્રેમ-સમર્પણથી !

ક્યાં તો એક થઈ જાઓ તન્મયતા-ધ્યાનથી !'

'પણ સ્પષ્ટ સમજી લો કે, તમારી ભીતર એક જ સંપદા એવી છે જેને મૃત્યુ મીટાવી નહિ શકે.'



એક ભિખારીની વાર્તા છે. જે જીવનભર એક આસન પર બેસીને ભીખ માગતો રહ્યો. એના મૃત્યુ બાદ એ આસન હટાવતાં શું દેખાયું ? એની નીચે 'અતુલનીય ખજાનો' હતો !— આ કથા એક ભિખારીની નહિ, દુનિયાભરના ભિખારીઓની વ્યથા છે. જેઓ પોતાના આંતરવૈભવથી અજાણ રહી, દરિદ્ર બની, અહીં તહીં યાચકરૂપે ભટકે છે.

છેલ્લે, 'એક જ સંત' એટલે 'એક જ સત્યસ્વરૂપ ઈશ્વરનું રૂપ' જેણે પ્રબળપણે અનુભવ્યું એ મન્સૂરની વાત કરીએ : જેણે ઘોષણા કરી દીધી : 'અનલહક' અર્થાત્ 'હું ખુદા છું.' અને ઈસ્લામીઓ એ સહન ન કરી શક્યા. પથ્થરો લઈ એની પાછળ દોડ્યા.

મન્સૂરે જ્યારે શિવલી પાસે નમાજ પઢવા ચટાઈ માગી ત્યારે હત્યારાઓએ તેના બંને પગ કાપી નાખ્યા. ત્યારે તે બોલ્યો. 'ધન્યવાદ. ખુદાની વજૂ કરવા પાણી નહિ, લોહી મળ્યું ! ખુદા, આજ સુધી હું તારી વજૂ પાણીથી જ કરતો રહ્યો. મને ક્ષમા કરજે. મને ખબર નહોતી કે અસલી વજૂ તો લોહીથી જ થઈ શકે.'

પછી એની આંખો ફોડી નાખવામાં આવી. તોય તેનું સ્મિત અકબંધ રહ્યું ! જાણે કહેતું હતું, 'તમે મારું સ્મિત નહિ કાપી શકો.'

હત્યારાઓને છેવટે દયા આવતાં કહ્યું; 'અમે હવે તારી જીભ કાપવાના છીએ. તારે કંઈ કહેવું તો નથી ને ? તો એણે કહ્યું; 'મારે જેને કહેવું છે, તે તો જીભ વિના પણ કહી શકું છું. અને તમને કહેવા જેવું તો મારી પાસે કંઈ બચ્યું જ નથી.' પછી ઊમેર્યું : ખુદા આમને માફ કરી દે. તેઓ નાદાન છે. મારા તરફથી કોઈ ફરિયાદ નથી.'

મન્સૂર પોતાની અનુભૂતિ-પ્રતીતિ-સત્યથી વિપરીત ન જઈ

શક્યો. એનું પરિણામ બહુ ક્રૂર-કઠોર એને ભોગવવું પડ્યું. પણ ‘એક જ ખુદા-‘હું’ મારો આત્મા’ નો શાશ્વત સંદેશ એ મૂકતો ગયો.

સુરદાસ માટે કોઈ સુંદરી વિશે વાસના ન જાગે એ માટે તેમણે આંખો ફોડી નાખી એમ કહેવાય છે. સંભવ છે કે એને કૃષ્ણ સિવાય કંઈ જોવું જ ન હોય !

‘જિન અખિયનમેં તવ રૂપ બસ્યો
તિન અખિયન સે અબ દેખિયે કયા ?’
રહીમ કહે છે જ ને !
‘પ્રીતમ છબિ નૈનન બસી
પર ગેર છબી અબ સમાય કહાઁ ?’

**વાર્તાલાપની ફલશ્રુતિ**

‘સ્વર્ગારોહણ’માં ‘શતયોગવંદનમ્’ પર્વની પૂજ્યશ્રી‘મા’ના પ્રત્યેક અદ્‌ભુત આયોજનની, પ્રત્યેક ખૂબી અનુભવતા પૂ.શ્રી યોગેશ્વરજી પરદા પાછળ મનોમન કહી રહ્યા હશે :

‘Everyone is born once.
But I have been born many times.’

અર્થાત્ ‘બધા એકવાર જન્મે પણ હું અનેકવાર જન્મ્યો છું તમારા બધાંના પ્રેમભાવને કારણે ! પણ ‘આવો પ્રેમાવતાર તો પહેલવહેલો જ !’ ન ભૂતો, ન ભવિષ્યતિ.’

અસ્તુ.
પરમ સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજીને પ્રણામ.
પરમ પ્રેમમયી ‘મા’ સર્વેશ્વરીને પ્રણામ.
આપ સર્વને વંદન !!

**–શ્રી તરલા દેસાઈ**



## ॥ ‘શતયોગવંદનમ્ પર્વ’ બન્યું સાચા સંતનું ઓળખપત્ર ॥

મહાત્મા શ્રીયોગેશ્વરજીએ નાનપણમાં પોતાનાં માતાજીને પૂછ્યું હતું કે, ‘મારા જન્મ વખતે મારા પર ફૂલો વરસ્યાં હોય કે મારા જન્મથી ઘરમાં કોઈ સુખમય ફેરફારો થયા હોય એવું કાંઈ બનેલું ખરું ?’ તેના ઉત્તરમાં માતાજીએ કહેલું : ‘ના, એવું કાંઈ જ બન્યું ન હતું.’ અર્થાત્ તેઓશ્રીના જન્મસમયની દશા તદ્દન સાધારણ હતી.

પરંતુ કહેવાય છે કે; મહાન મનુષ્યના પૃથ્વી પરના પ્રથમ પગરણની નોંધ ઈતિહાસ લે કે ન લે પણ એમણે કરેલાં મહાન કાર્યોની નોંધ સમગ્ર માનવજાતે સાદર લેવી જ પડે છે. અને તેમાંય જ્યારે પૂ.શ્રીયોગેશ્વરજી કે જેમનું એકમાત્ર લક્ષ્ય સાચા માનવ બનીને પરિપૂર્ણતાના શિખરે પ્રતિષ્ઠિત થઈ, વિશ્વકલ્યાણનું હોય એમના શ્રીચરણે કૃતજ્ઞતાથી મસ્તક નમાવી, કૃતાર્થ થવા કોણ ન ઈચ્છે ?

અને આજે આપણે જોઈ શકીએ છીએ કે, સો સો વર્ષ વીત્યા પછી પણ તેઓશ્રી પ્રત્યેના પ્રેમ, ભક્તિભાવ, શ્રદ્ધા હજારો ભાવિકોના હૃદયમાં અકબંધ છે. અને તેમાંયે પૂ.શ્રી સર્વેશ્વરી ‘મા’એ તો પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ પ્રેમ-સમર્પણથી સુગંધિત કરી, સતત સાધનાથી-પ્રણામથી, મંત્રજપથી, જ્ઞાન-કર્મ-ભક્તિનો અખંડ દીપ પ્રગટાવી, તન-મનથી સદા પરે રહી. પવિત્ર-મંગલ-આત્મદ્યુતિથી ગુરુ-સદ્‌ગુરુ-આરાધ્ય-ભગવંત-જીવનસર્વસ્વ એ ક્રમમાં શ્રી યોગેશ્વરજીની સંપૂર્ણ પ્રતિકૃતિ બની જઈ; ક્યાંય પોતાનું નામ ઉપસવા ન દઈ, કેવળ, ફક્ત, પૂ.ગુરુદેવના અસ્તિત્વનો મહિમા કરવા માતૃરુપેણ-તત્ત્વરૂપેણ સંસ્થિતા રહી. શ્રીગુરુદેવ ભગવંતની શાશ્વતીની મહેક સમગ્ર વિશ્વમાં પ્રસારી રહ્યાં છે.

પૂ.શ્રી‘મા’ જાણે ફૂલોની જગ્યાએ લાખો વિવિધ ફૂલોથી મહેકતાં ઉપવનનાં ઉપવન તેઓશ્રીનાં શ્રીચરણકમળમાં ધરી

કૃતાર્થ ન થતાં હોય ! આજે પૂ.શ્રી'મા'ના પૂ.શ્રી યોગેશ્વરજી પ્રત્યેના અસીમ, અક્ષુણ્ણ પ્રેમભાવના પવિત્ર વહ્નિથી હજારો શ્રદ્ધાદીપો ઝળહળી રહ્યા છે. આ સદ્ભાગ્ય એક સાચા સંતનું જ નહિ, સમગ્ર અધ્યાત્મવિશ્વનું ઐશ્વર્ય છે.

આજે એક શતાબ્દીવર્ષ વીત્યે જે શિશુનો કોમળ પદરવ કદાચ સુણ્યો-અણસુણ્યો રહી ગયો હતો, તે આજે પવિત્ર પદરજ બનીને અનેક અધ્યાત્મપ્રિય ભક્તોને મસ્તકે અભિષિક્ત થઈ રહ્યો છે; કેમકે પ્રકાશના પંથે જીવનભર ચાલતાં રહી, સ્વયં પ્રકાશરૂપ બની જનાર. જગદંબાનો સાક્ષાત્કાર કરવા જીવનની પ્રત્યેક પળ ખર્ચી છેવટે સ્વયં જગદંબાસ્વરૂપે આવિર્ભૂત થઈને જ રહ્યા હોય એવા યોગેશ્વરજી અતિ વિરલ, અનુપમ સંત છે, ભગવદ્સ્વરૂપ છે.

પૂ.શ્રીયોગેશ્વરજીનો મહિમા સંપૂર્ણપણે પ્રીછનાર, સાથે સ્વયં પણ એવા જ ગૌરવમય-ગરિમામય પ્રભુનિષ્ઠ સંત પૂ.શ્રી'મા'ના વરદ હૃદયે જ્યારે 'યોગશતવંદનમ્ પર્વ'નું આયોજન સિદ્ધ થાય ત્યારે તે કેટલું મંગલમય, પવિત્ર હોય, એનો અંદાજ અત્યારે આપણને નહિ આવી શકે, પણ એનો ચૈતન્યપ્રસાર યુગો સુધી અનેકાનેક ભક્તહૃદયોને અજવાળતો રહેશે એ નિઃશંક છે.

તા.૧૫ ઑગસ્ટ, ૨૦૨૧, પરમ ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના 'શતયોગવંદનમ્ પર્વ'ની પૂર્ણાહુતિની તારીખ હતી. પણ કોરોનાને લીધે એ પર્વને એક વર્ષ ઑર લંબાવી, પૂ.શ્રી'મા'એ એને 'સાધનાપર્વ'નું અભિનવ રૂપ અર્પ્યું.

જેના સુભગ પરિણામરૂપે જ 'સ્વર્ગારોહણ'માં 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય', 'સુંદરકાંડ' તેમજ 'રામચરિતમાનસ'નાં અદ્ભુત પારાયણો થયાં જેમાં તપોવનકાલીન ભારતીય સંસ્કૃતિની આભા વરતાઈ.

કોરોના દરમ્યાનના ત્રણ મહિના પૂ.શ્રી'મા' શ્રીગંગાજીના કિનારે મૌનવ્રત ધારી, ભક્તો માટે મૌન, પ્રાર્થના, સ્તુતિ, ધ્યાન, મંત્રજપ, પ્રણામ, ભજન-કીર્તન તેમજ પારાયણો, તીર્થયાત્રા, પદયાત્રા, સાઈકલયાત્રા, બાઈકયાત્રા જેવા અવનવા



'સાધનાપંથો' સૂચવ્યા. 'એક માસ હરિને નામ' કહી, ઉત્તરકાશીમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીની તપશ્ચર્યાથી પુનિત બનેલાં અણુ-પરમાણુઓનો લાભ લેવા ભક્તોને સ્વતંત્ર સાધના માટે પ્રેરી, ઉત્તમ વ્યવસ્થા કરી આપી.

ટિહરીના રસ્તે આવતા કોટેશ્વર, દશારથાચલ તેમજ અમૃતસરમાં સુવર્ણમંદિરની યાત્રાએ પણ ભક્તોને મોકલ્યા.

સાથે જ મસૂરીની પૂ.શ્રી યોગેશ્વરજી દ્વારા સંસ્થાપિત સરસ્વતીમંદિર શાળામાં પણ વિદ્યાર્થીપયોગી વસ્તુઓનું વિતરણ કરવા કેટલાક ભક્તોને સૂચવ્યું.

'સ્વર્ગારોહણ'માં તો સત્કર્મોનો યજ્ઞ સદા ચાલતો જ રહે છે. પણ ભારો ઉપાડી ગુજરાન ચલાવતી બહેનો માટે છાશવિતરણની જેમ આ વર્ષે દૂધવિતરણની વ્યવસ્થા સર્વમંગલ ટ્રસ્ટ દ્વારા વિચારાઈ. જેમાં પાયાના દસ સેવાભાવી, સમર્પણશીલ સત્સંગીઓનો મહિમા કરવામાં આવ્યો. ડી.વી.ડી. દ્વારા બનાસકાંઠાના પૂરગ્રસ્તો માટે ટ્રસ્ટ દ્વારા, ૨૦-૨૦ સ્વયંસેવકોએ જે જાનને જોખમ સેવાકાર્ય કર્યું, તેનું ભાવવાહી દર્શન કરાવવામાં આવ્યું.

તો વડીલો માટે ડૉ.મિહિરભાઈ અને સાથીઓ દ્વારા 'રક્તનિદાન' શિબિર પણ યોજાયો. જેમાં ૭૫ જેટલા વડીલોએ ભાગ લીધો.

આ સાથે જ ભક્તિભાવને દૃઢ કરી, શ્રદ્ધા-પ્રેમ વધારે એવાં ભજન-કીર્તનોનું ૧૦૮ કલાકનું 'સંકીર્તન પર્વ' વિચારાયું. જેમાં ઉપસ્થિત સર્વેને શ્રી નીલેશભાઈ, સુકૃતિ, દિશા, પૂર્ણિમાબેન, રુચિતભાઈ, રથી તેમજ વિદેશથી પધારેલાં ભાઈબહેનોએ જયશ્રીબેન વગેરેએ શામિલ થઈ ભાવસમાધિનો અલૌકિક અનુભવ કરાવ્યો. પૂ.શ્રી'મા'ની સ્નેહસંનિધિથી એ યોગ 'આનંદસમાધિ'માં પરિવર્તિત થઈ ગયો.

શ્રી દેવાંગભાઈની પૂ.શ્રી'મા' રચિત પદોની 'હરિરસની હેલી' આનંદની છોળોથી શ્રોતાઓને ભીંજવી રહી. તો છેક લંડનથી સ્વર્ગારોહણ ખાસ પધારી શ્રેષ્ઠ સંગીતજ્ઞ તરીકે પ્રસિદ્ધ

શ્રી આલાપભાઈ દેસાઈએ તેમની ઑરકેસ્ટ્રા સાથે તેમના મધુર, ભાવવાહી પદગાનથી એક અદ્ભુત 'સ્વરલોક' ઊભું કરી; સતત વરસતા વર્ષાની ધાર સાથે સખ્ય સંવાદ-રચતી સૂરધારા વહેતી કરી આપણા બે સદ્ગુરુઓનું શબ્દામૃત 'આરાધન' તેમજ 'સૂરસંનિધિ' બે આલ્બમરૂપે ધર્યાં; જેમાં શ્રી દેવાંગભાઈ તેમજ અર્પિતાબહેનના સૌજન્યની સુગંધ છે.

૧૫મી ઑગસ્ટે રાષ્ટ્રની આઝાદીનો ૭૫ મો અમૃત-મહોત્સવ અમદાવાદની 'સર્વયોગમ્' શાળાના વિદ્યાર્થીઓના વંદેમાતરમ્ તેમજ 'વરદ હસ્ત'ના સ્વરોની ઑરકેસ્ટ્રાથી ગુંજી; 'સ્વર્ગારોહણ'માં અપૂર્વ આહ્લાદ પ્રસારી ગયા. પરમ પૂજ્ય શ્રી'મા'ની સંનિધિમાં સત્સંગીઓનો ધ્વજવંદનનો કાર્યક્રમ રથી અને મહર્ષિના સ્નેહસભર હસ્તે સંપન્ન કરવામાં આવ્યો. શ્રી અર્પિતાબેનના પ્રેરક 'યુવાજાગૃતિ અભિયાન', તેમજ શ્રી તરલાબહેનના 'એક સંત, એક પંથ, એક ગ્રંથ'ના માર્મિક વાર્તાલાપથી શતાબ્દીવર્ષ યાદગાર બની ગયું.

સૌથી વિશેષ તો ધોધમાર વરસાદથી ભીંજાતાં છતાં 'શતયોગવંદનમ્ પર્વ'ના દરેક કાર્યક્રમમાં અત્યંત ઉત્સાહથી સહભાગી બની, શિસ્ત, સંયમ અને શ્રદ્ધાનું જે સર્વોત્તમ ઉદાહરણ ધર્યું એ લગભગ ૪૫૦ જેટલા ભક્તો ખરેખર ધન્યવાદને પાત્ર છે.

શરીરની સ્વસ્થતા, મનની પ્રસન્નતા, આત્મઉજાસની આભાના સંકેતોથી દેશવિદેશથી પધારેલા ભક્તોના મન-હૃદય-અંતરને ભરી દેતા, કાર્યક્રમોના વિવિધ આયોજનોથી પૂ.શ્રી'મા'એ કૃપાનો પ્રગટ અજસ્ર ધોધ વહાવ્યો તો એની જ સમાંતરે પૂ.શ્રીયોગેશ્વરજીની સૂક્ષ્મ-અશબ્દ કૃપાવર્ષાથી ભીંજાઈ ભક્તો ધન્ય-ધન્ય બની ગયા.

અલબત્ત, આ આખાયે પૂ.શ્રી'મા'ના શુભ સંકલ્પથી સિદ્ધ થયેલા શાનદાર પર્વની પાછળ કંઈ કેટલાય ભક્તોની અપ્રતિમ પરિશ્રમભરી સેવાની સુવાસ હતી. સુંદર ભવ્ય બૅનરો, અત્યંત શોભનીય ફૂલો-તોરણોની સજાવટ, બધું રોશનીથી ઝળહળ કરી



દઈ, કૅમેરામાં કંડારી લેતી શ્રી હેમલભાઈની ટીમ, સર્વમંગલ ટ્રસ્ટના સર્વ ટ્રસ્ટીઓ, મૅનેજરશ્રીઓનો સેવાયજ્ઞ અને પૂ.શ્રી'મા' જેમને 'પોતાના મગજ હાથ-પગ તરીકે ઓળખાવે છે એવા શ્રી રાજુભાઈ જાનીનું યોગદાન અપ્રતિમ હતું. સાથે જ દૂધ-નાસ્તા, બે વાર ભોજન પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા હંમેશની જેમ શ્રી તારકભાઈએ સંભાળી.'

'સ્વર્ગારોહણ'માં ક્યાંય રાગદ્વેષ, સંઘર્ષ નહિ, સદા-સર્વથા પ્રેમથી છલકતી, સમજણથી સોહતી સંવાદિતા જ વરતાતી હતી. એટલે જ તો પૂ.શ્રી'મા'ના એક પદમાં સ્વયં પ્રભુજી સ્વમુખે કહે છે :

'સત્કર્મની સુગંધ ત્રિલોક પ્રસારી
હું શ્રીકૃષ્ણ સ્વરૂપને ધારી
સર્વેશ્વરીને છે સજાવી
એની સાથે આવી ઊભો છું.'

તો 'શતયોગવંદનમ્ પર્વ'નું આવું ભવ્ય, મંગલ, પવિત્ર, અલૌકિક, વાતાવરણ 'સ્વર્ગારોહણ'માં પરમ ચેતનાના અપૂર્વ વાયુમંડળનો દિવ્ય અહેસાસ કરાવી રહ્યું.

પણ ઉત્સવના અતિ આહ્લાદક શબ્દ-સૂરોની સાથે મૌનની મહત્તા સમજાવતાં, બાહ્ય શોર-ધમાલ-મસ્તીને હળવેકથી શાંત-શુચિતા તરફ દોરી જતાં પૂ.શ્રી'મા'એ જાણે સ્પષ્ટ કર્યું : 'આ પર્વ ઊજવીને સંકેલી લેવાની કોઈ સાધારણ ઘટના નથી. પૂજ્યશ્રીની ચેતનાનો સંસ્પર્શ આઠે પ્રહર અનુભવાય. એ સર્વત્ર, સદાકાળ આપણી સાથે જ છે, એવી સભાનતા જીવાય. આપણી પ્રત્યેક પળ 'એ મહાન હસ્તીની શાશ્વતીથી' મહેકતી થઈ જાય. તેઓશ્રીની 'આધ્યાત્મિક પ્રભા' ઝીલી આપણે આપણી 'ભીતરી સંપદા આત્મશ્રી' ઓળખવા પ્રેરાઈએ એ જ આ પર્વનો મુખ્ય હેતુ છે; એ વીસરાવું ન જોઈએ.' આમ, બહુ સહજ રીતે આખા પર્વના શુભ અને પવિત્ર કેન્દ્રરૂપ પરમ પ્રેમમયી 'મા'ને કોટિ કોટિ પ્રણામ.

**—સંપાદન**

# ॥ ફૂલવાડી : એક અભિનવ દૃષ્ટિકોણ ! ॥

પૂજ્ય મા-પ્રભુની કૃપાથી 'સ્વર્ગારોહણ' તીર્થે તા.૩૦/૦૭/૨૦૨૨ અને ૩૧/૦૭/૨૦૨૨ના દિને ફૂલવાડીનું આયોજન થયું અને ફૂલવાડીનાં ફોરમવંતાં ફૂલો પોતાની ફોરમ પ્રસરાવી ગયાં. બાળકોના સત્કાર માટે પક્ષીઓનાં ચિત્રો, ફુગ્ગા, ફૂલની વેલ, બાળકોના ફોટાઓથી મઢાયેલા ચાકળા અને તોરણો પ્રભુના સ્વરૂપ પાસેના સ્થાન અને કુટિયાને શણગારવામાં આવ્યાં હતાં.

તા.૩૦/૦૭/૨૦૨૨ના દિવસે સવારે બધાં બાળકો શ્વેત વસ્ત્રમાં સજ્જ હતાં. તેમને ત્રિરંગો ખેસ અને પૂજ્ય મા-પ્રભુના સ્વરૂપનાં બેઈજ પણ પહેરાવ્યાં હતાં. સવારે ૭.૦૦ કલાકે બાળકોએ પ્રભાત વંદના કરી. ૭.૩૦ કલાકે પૂજ્યશ્રી'મા'ને પ્રણામ કરવા ગયાં, ત્યાં વરદ હસ્ત....ની પ્રાર્થના કરી. પૂજ્ય શ્રી'મા'એ બાળકોને ત્રિરંગાં બલૂન આપ્યાં. ત્યારબાદ બાળકોએ નીચે આવી આખા 'સ્વર્ગારોહણ'ની પ્રદક્ષિણા કરતાં કરતાં 'ૐ યોગેશ્વર રક્ષમામ્, 'મા' સર્વેશ્વરી પાહિ મામ્'ની ધૂન કરી. જેથી 'સ્વર્ગારોહણ'નો ખૂણેખૂણો ગુંજી ઉઠ્યો.

પરમાત્માની ભવ્ય યોજના અનુસાર દરેક વ્યક્તિ પાસે કંઈક ને કંઈક 'વિશેષ' છે; જે વિશેષતા દ્વારા તે 'સત્'ને પામે. દરેક સર્જન અનંત શક્યતાઓનો ભંડાર છે, એ શ્રદ્ધાથી પૂજ્યશ્રી'મા' ફૂલવાડીનું આયોજન કરે છે. પૂજ્યશ્રી'મા' ફૂલવાડીના કાર્યક્રમો દ્વારા એ વિશેષતાને શોધી, તેને વિકસાવવા બાળકને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરે છે. નાનાં નાનાં ફૂલડાંઓમાં પડેલી શક્યતાઓ દ્વારા જીવનવિકાસ સાધી, સમાજના કલ્યાણનું કાર્ય કરે છે.

આપણી 'સ્વર્ગારોહણ' યુનિવર્સિટીમાં પૂજ્યશ્રી'મા'એ બાળકોનો 'સર્વાંગી વિકાસ' થાય એવો જ અભ્યાસક્રમ પસંદ કરેલો છે. સર્વાંગી વિકાસનું પ્રથમ સોપાન છે.



શારીરિક વિકાસ :—

બાળકોને પોષણ મળે તેવો આહાર રમત-ગમત, કસરત, યોગાસનો વગેરે કરાવવાં જોઈએ. આપણો આહાર પાચનતંત્રની મદદથી વિવિધ રસાયણો તૈયાર કરે છે. ખાદ્ય પદાર્થ, દૂધ અને દૂધની બનાવટો તથા સૂકામેવા પ્રકારના આહારથી મન ને તન સ્વસ્થ અને પ્રસન્ન બને છે. શરીરના રસાયણોની માત્રામાં અ-સમતુલન ઉદ્‌ભવતાં જ શરીરમાં રોગોનો ઉદ્‌ભવ થાય છે. માનવ-શરીરની એક સંરચના મસ્તિષ્ક છે, જે સમગ્ર શરીરના રસાયણને સંતુલિત કરવાનું કામ કરે છે. તેથી જ અહીં ફૂલવાડીમાં બાળકોને પૌષ્ટિક અને મનભાવન ભોજન પીરસાયું.

તા.૩૧/૦૭/૨૦૨૨ની સવારે આપણાં યોગ-શિક્ષક કૃતિકાબેને બાળકોને કસરત યોગાસનો અને સૂર્યનમસ્કાર શીખવ્યા. કસરત-રમતગમત, યોગાસનો કરવાથી મગજમાંથી એન્ડોર્ફીન નામનું રસાયણ ઝરે છે. જે તનને નિરોગી-સ્વસ્થ રાખે છે. અહીં ફૂલવાડીમાં મેરેથોન દોડ, ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન જેવી રમતો રમાડી.

જે બાળકોને પ્રેમ નથી મળતો તે બાળકોનો શારીરિક-માનસિક વિકાસ ઓછા હોય છે. પ્રેમનું તત્ત્વ આપણા જીવનમાં તાણા-વાણાની જેમ વણાયેલું છે. અહીં ફૂલવાડીમાં પૂજ્યશ્રી'મા' તરફથી બાળકોને નિર્વ્યાજ પ્રચુર પ્રમાણમાં પ્રેમ મળે છે.

સર્વાંગી વિકાસનું બીજું સોપાન છે માનસિક વિકાસ :—

ચૈતન્યને રસાયણોના માધ્યમથી એ સમજીએ.

જ્ઞાનેન્દ્રિયો તથા મગજ દ્વારા માનવ ભૌતિક જગતનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે અને પોતાનું જીવન સમજણ કેળવીને સરળ બનાવી શકે. તે માટે માનસિક વિકાસ જરૂરી છે. જેથી જીવનમાં

તન-મન વચ્ચે સંતુલન સર્જી શકે. માનવમનને પ્રસન્ન રાખતું હોય તો તે સેરેટોનિન નામનું રસાયણ છે. માનવ મસ્તિષ્કમાં સેરેટોનિનના પ્રમાણમાં અસંતુલન થતાં માણસ ચિડિયો, ચિંતાગ્રસ્ત બની નિરાશામાં ધકેલાઈ જાય છે.

● જ્યારે આપણે જ્ઞાન વહેંચીએ છીએ ત્યારે પણ સેરેટોનિન ઉત્પન્ન થાય છે, જે માનસિક સ્વસ્થતા અને પ્રસન્નતા આપે છે. જેમકે, ડૉ.શ્રદ્ધાબેન જાનીએ એમનું દાંતના આરોગ્યવિષયક જ્ઞાન બાળકોને વહેંચ્યું. બાળકો સાથે સરસ પ્રશ્નોત્તરી થઈ અને દરેક બાળકને એમણે ટૂથ-બ્રશની ભેટ આપી.

● જ્યારે આપણે કોઈને મદદરૂપે કંઈક આપવાની ક્રિયા કરીએ કે આપવાની ક્રિયા જોઈએ ત્યારે પણ સેરેટોનિન ઝરે છે. તો આ બાજુ શૈલીબેને પણ પાલક અને મેથીનાં બીજ તેને ઉગાડવાની રીત સહિત ભેટ આપ્યાં.

● હાલમાં 'સ્વર્ગારોહણ' તીર્થમાં દૂધ અભિષેક સત્કર્મ ચાલી રહ્યું છે. ફૂલવાડીના બાળકોએ પણ બે દિવસ આ સત્કર્મ 'ૐ યોગેશ્વરાય નમઃ'ની ધૂન સાથે કર્યું. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં જરૂરિયાતમંદો પ્રત્યે સંવેદના જાગે અને બાળકો આપતાં શીખે.

● વૃક્ષારોપણ :–

પર્યાવરણ માટે 'વૃક્ષારોપણ'નું મહત્ત્વ બાળકો જાણે તે હેતુથી તેઓના હાથે યોગતીર્થની સામેના મોટા વૃક્ષોની ફરતે દરેક બાળક પાસે 'ૐ મા રક્ષમામ્'ની ધૂન અને ગરબા કરતાં કરતાં વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું બાળકોને વૃક્ષારોપણનું મહત્ત્વ સમજાવ્યું અને એ અંગે પ્રશ્નો પણ પૂછ્યા અને પ્રત્યુત્તર મેળવ્યા. જેવા કે,

(૧) વૃક્ષોનાં પાન સૂર્યપ્રકાશની હાજરીમાં કાર્બનડોયોકસાઈડ શોષી લે છે અને ઑક્સિજન આપે છે. $Co_2$ માંથી વનસ્પતિ પોતાનો ખોરાક બનાવે છે. અને $O_2$ આપીને



આપણી હવાને શુદ્ધ કરે છે. આમ પર્યાવરણમાં સંતુલન જળવાઈ રહે છે.

(૨) વનસ્પતિ રોપવાથી આપણને અનાજ, ફૂળ, ફૂલ મળી રહે છે. પશુઓને ચારો મળી રહે છે.

(૩) પક્ષીઓને રહેઠાણ મળી શકે છે.

(૪) વૃક્ષની છાયામાં મુસાફરોને છાંયડો મળે છે.

(૫) વૃક્ષોથી જમીનનું ધોવાણ અટકે છે.

(૬) વૃક્ષો વરસાદ લાવે છે. વગેરે.

અહીં કરાવવામાં આવતી દરેક પ્રવૃત્તિ પાછળ પૂજ્યશ્રી'મા'નો કોઈને કોઈ ચોક્કસ હેતુ હોય છે. જેમ કે, ચિત્રકામ કરાવવામાં આવ્યું ચિત્રકામ એ પાંચ લલિતકલાઓ પૈકીની એક કળા છે. નૃત્ય, ચિત્રકામ, ગીત-સંગીત, સાહિત્ય અન સ્થાપત્યની પ્રવૃત્તિ કરતાં હોઈએ ત્યારે આપણા લોહીમાં DNAનું પ્રમાણ ખૂબ વધે છે જેથી આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ઓજસ પ્રગટે છે.

પૂજ્યશ્રી'મા'ની હાજરીમાં બાળકોએ પૂજ્યશ્રીના 'બિંદુ' કાવ્યસંગ્રહમાંથી કાવ્યો મોઢે રજૂ કરવા, યોગાસનો કરવા, 'ઝૂકાવ્યું જીવન મારું રે...' પદ પર તબલાંવાદન નૃત્ય, ૧૧ પ્રણામ સાથે પ્રાર્થના અને ગરબા જેવી વિશેષતાઓ રજૂ કરી. અને પૂ.શ્રી'મા'એ એ વિશેષતાઓને તાળીથી વધાવી.

પૂજ્યશ્રી'મા' હંમેશાં કહે છે, "વિશેષતાને વંદન હો !" સૌએ પણ આ કૃતિઓને તાળીના ગડગડાટથી વધાવી.

● સર્વાંગી વિકાસનું ત્રીજું સોપાન છે આધ્યાત્મિક-આત્મિક વિકાસ. 'સ્વર્ગારોહણ' તો આત્મિક વિકાસની શક્તિપીઠ છે. અહીં બાળકોએ વૃક્ષારોપણ સ્થૂળ સ્વરૂપે કર્યું. અને પૂજ્ય શ્રી'મા'એ સૂક્ષ્મરૂપે બાળકોમાં આત્મિક ગુણોના બીજનું આરોપણ કર્યું : જેમ કે રોજ સ્નાન પછી ૧ માળા અને ૧૧

પ્રણામનો નિયમ આપ્યો.

લગભગ ૧૧ વાગ્યે પૂજ્યશ્રી'મા'એ સંતદર્શનમાં બાળકોને દર્શન આપી, મુલાકાત આપી. જેમાં પૂજ્યશ્રી'મા'એ બાળકોને પ્રશ્નો પૂછ્યા જેવા કે,

પૂજ્યશ્રી'મા' :— કોને કોને ફૂલવાડી ગમે છે ?

બાળકો :— બધાં બાળકો હાથ ઊંચા કરે છે.

પૂજ્યશ્રી'મા' :— કોને કોને ફૂલવાડીમાં પાછાં આવવું છે ?

બાળકો :— બધાં બાળકો હકારમાં હાથ ઊંચો કરે છે.

પૂજ્યશ્રી'મા' :— તમે બધાં બાળકો માળા કરો છો ?

બાળકો :— ના 'મા'.

પૂજ્યશ્રી'મા' :— તો 'મા' તમને બધાંને માળા આપશે. રોજ સવારે બ્રશ અને સ્નાન કર્યા બાદ ઘરના મંદિર પાસે જવું અને અગિયાર પ્રણામ કરી એક માળા કરવી.

પૂજ્યશ્રી'મા' :— માળામાં શું જપશો ?

બાળકો :— ૐ મા.

ત્યારબાદ પૂજ્યશ્રી'મા'એ બાળકોને ગોમુખીમાં એક નાની માળા પ્રસાદરૂપે આપી.

● પૂજ્યશ્રી'મા'ની આજ્ઞાથી બાળકોની પસંદગીની ફિલ્મ ''પપ્પુ કી પગદંડી'' બનાવવામાં આવી. જેનો સારાંશ છે-હંમેશાં જાદુથી કંઈ બનતું નથી. જો કંઈ કરી શકીએ તો તે આપણી ઈચ્છાશક્તિ અને ક્ષમતાથી થાય છે. જીન પપ્પુને ઘણા નાના નાના જાદુ કરીને મદદ કરતો પણ પપ્પુનું એક સ્વપ્ન હતું બધાને મિત્રો બનાવવા ને પોતે બધાના મિત્ર બનવું પપ્પુ પાસે નકામી વસ્તુમાંથી શ્રેષ્ઠ વસ્તુ બનાવવાની વિશેષ પ્રતિભા હતી, જેના થકી એ પોતાનું 'મિત્રો બનાવવાનું અને મિત્ર બનવાનું' સ્વપ્ન પૂરું કરી શકે છે.



● યોગતીર્થદર્શન :—

ફૂલવાડીમાં બાળકોની વયમર્યાદા ૫ થી ૧૨ વર્ષની હતી અને ૩૮ થી ૪૦ બાળકોએ ભાગ લીધો હતો. ૫ થી ૭ વર્ષનાં બાળકોને યોગતીર્થનું દર્શન કરાવવામાં આવ્યું અને ૮ થી ૧૨ વર્ષના બાળકોને પ્રભુના જીવન વિશે સમજાવવામાં આવ્યું.

પ્રભુ વિદેશ લઈ જતા તે સૂટકેસ ટેલિફોન, પુસ્તકો, પલંગ, પ્રભુનું સ્વરૂપ કૅલેન્ડરમાં કેમ છે ? પ્રભુને આ બધા સંતો પ્રત્યક્ષ મળેલા કે ધ્યાનમાં મળેલા કે સ્વપ્નમાં મળેલા ?, કોટિયર્ક નગરમાં પૂજ્યશ્રી'મા'ના નિવાસના મંદિર વિશે પ્રશ્નોત્તરી થઈ જેના બાળકોએ સાચા પ્રત્યુત્તરો આપ્યા.

'ફૂલવાડી' શનિ-રવિ હતી. કેટલાક વિદ્યાર્થીઓ સોમવારે જઈને પરીક્ષા આપવાનાં હતાં અને કેટલાક વિદ્યાર્થીઓ સ્કૂલની પરીક્ષા આપીને મોડા આવ્યાં હતાં. બાળકો ફૂલવાડીમાં ભાગ લેવાનો ઉત્સાહ-આનંદ એટલો હતો કે પરીક્ષા હોવા છતાં અને દૂરથી આવવાનું હોવા છતાં આવ્યાં. અને આ બાજુ પૂજ્યશ્રી'મા'નું આયોજન તો જુઓ ! જે બાળકો પરીક્ષાને કારણે મોડા આવ્યાં હતાં તેઓને પણ ચૂકાઈ ગયેલી પ્રવૃત્તિની તક આપી. અને સોમવારે જે બાળકો પરીક્ષા આપવાના હતાં તેઓ પણ લાંબું અંતર હોવા છતાં સમયસર પહોંચીને પરીક્ષા આપી શક્યા.

બાળકની ભોજનની થાળીમાં તેના શારીરિક વિકાસ માટે તમામ પ્રકારના પોષક પદાર્થો અને વિટામિન્સ જરૂરી છે તેમ તેના આત્મિક વિકાસની થાળીમાં શ્રદ્ધા-ભક્તિ, પ્રેમ, કરુણા, ક્ષમા, પવિત્રતા, જ્ઞાન, શાંતિ, આનંદ, સહિષ્ણુતા, ધીરજ, હિંમત, સમૂહજીવનની તાલીમ, આદર, નમ્રતા વગેરે ગુણો ખીલવવા જરૂરી છે. જે 'મા' દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પીરસવામાં આવે છે. સર્વાંગી વિકાસમાં આત્મિક વિકાસ એ એનો પાયો છે; માટે તે મજબૂત અને ઊંડો હોવો જોઈએ.

પૂજ્યશ્રી'મા' આ રીતે એ મજબૂત અને ઊંડો પાયો બાળકોમાં નાખી રહ્યાં છે.

બાળકો મેરેથોન દોડ કરતાં કરતાં 'ૐ મા જય મા જય જય કૃપાળુ મા'ના નારા લગાવે છે. તો પૂજ્ય'મા' પણ તેના જવાબરૂપે 'દર્શનદ્વારે' થી ખૂબ પ્રેમથી પ્રસાદનો વરસાદ વરસાવે છે. બાળભક્તો અને પૂજ્યશ્રી'મા'ના પ્રેમનો નજારો જોવા મળે છે. બાળકભક્તો અને 'મા' ભગવતીનો રાસ ઉપરથી નીચે અને નીચેથી ઉપર તરફ રમાતો હતો. 'જય કૃપાળુ મા'ના ધ્વનિથી આખા 'સ્વર્ગારોહણ'ની બધી વનરાજી પણ પુલકિત થઈ રહી હતી. 'સ્વર્ગારોહણ'ની વનરાજી પર પણ પવિત્ર પ્રેમના પરમાણુની અસર જોવા મળે છે. વનરાજી હંમેશાં નવપલ્લવિત રહે છે. જાણે વનસ્પતિ પણ આપણા પ્રેમ-લાગણીના આંદોલનો ઝીલતી હોય છે.

શ્રી તેજસભાઈએ બાળકોને આખા 'સ્વર્ગારોહણ'નું દર્શન કરાવ્યું અને નિયમો સમજાવ્યા.

૧. પ્રવેશતાં જ પ્રભુને પ્રણામ કરીએ છીએ. તે દ્વારા આપણે પ્રભુ પ્રત્યે પ્રેમ-આદર-સન્માનની લાગણી વ્યક્ત કરીએ છીએ. અને અહીં આપણને લાવવા બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

- ત્યારબાદ ઑફિસમાં નામ નોંધાવીએ છીએ.
- પછી રૂમમાં સામાન લઈને જઈએ છીએ.
- ત્યારબાદ સ્નાન કરીને જ દર્શન માટે જઈ શકાય.

૨. **સરોડાધામ :–** પૂજ્યશ્રીનું જન્મસ્થાન સરોડાનું દર્શન જ્યાં પ્રભુ રહેતા હતા. સરોડાધામના દર્શનથી માતાજી જ્યોતિર્મયી સાથેના પ્રભુના જીવનનો પરિચય મળે છે.

૩. **જીવનસંગિની :–** જેમાં પૂજ્યશ્રી એ ભારતની યાત્રા કરી હતી તેનું દર્શન. જે ભક્ત શ્રી શાંતિભાઈએ પ્રભુને અર્પણ



કરી હતી.

૪. **કુટિયાનું દર્શન :–** કુટિયા પૂ.શ્રી'મા'ની તપોભૂમિ છે. ત્યાં પંચદેવ બિરાજમાન છે. કુટિયામાં કરેલી સાત્ત્વિક પ્રાર્થના સંભળાય જ છે. પ્રભુ પ્રત્યે એવી દૃઢ-શ્રદ્ધા બાળકોમાં પ્રગટાવી. બાળકોએ ખૂબ શ્રદ્ધાથી કુટિયા પ્રદક્ષિણા કરી. આ તીર્થે આવતાં તમામ ભક્તો પણ ખૂબ શ્રદ્ધાથી કુટિયાની પ્રદક્ષિણા કરે છે.

આશલબેને 'અધ્યાત્મ'માંથી ચાર નાનકડાં બાળભક્તોની વાતો વાંચી ને સમજાવી. જેનો સાર હતો કે મુશ્કેલી સમયમાં પ્રાર્થના કરવી, પ્રણામ કરવા.

- બચત હોય તો દાન કરવું.
- સફળતા ન મળે ત્યાં સુધી પ્રયત્નો કરતાં રહેવું.

પૂજાબેન ત્રિવેદીએ પણ પ્રેરણાત્મક પ્રસંગ કહ્યો : સ્તવન મુંબઈનાં રહે છે. એ કંપાલા-ઝાંબિયા મામાના ઘરે ગયો હતો ત્યાં તે પૂજ્ય'મા'નો બેઈજ પહેરીને ફરતો હતો અને 'આ મારા ભગવાન છે' એવું મિત્રોને કહેતો હતો. તો મિત્રો પૂછતા કે એ ગણપતિ બાપા છે ? તો સ્તવન કહે : ના એ મારાં 'મા' છે તે મારી સાથે વાતો કરે છે. તો મિત્રો કહે અમારા ભગવાન તો અમારી સાથે વાતો નથી કરતા. તો સ્તવન કહે, 'તમે ઈંડા અને માંસ ખાવ છો એટલે તમારા ભગવાન તમારી સાથે વાત ન કરે.' તો આ બાળમિત્રોએ માંસ અને ઈંડાં ખાવાનું છોડી દીધું. ફૂલવાડીની ફોરમ 'સ્વર્ગારોહણ'થી છેક કંપાલા-ઝામ્બિયા સુધી ફેલાઈ !

બધાં બાળકોએ ચિત્રકામ અને પ્રતિભાવાળા પત્રો પૂજ્યશ્રી'મા'ને અર્પણ કર્યા. પૂજ્યશ્રી'મા'એ આશીર્વાદ સાથે ગીફ્ટ-૧૦૦ રૂા. એક પાઉચ (દફતર જેવું મોટું), ચૉકલેટ, બિસ્કીટ વગેરેનો પ્રસાદ આપ્યો. આ ઉપરાંત પણ ઘણી ગીફ્ટ પૂજ્યશ્રી'મા'એ બાળકોને આપી.

અરે ! પૂજ્યશ્રી'મા'એ સૌ માતા-પિતાને પણ ધન્યવાદ આપ્યા. આટલી બધી જવાબદારીમાંથી સમય કાઢીને બાળકો

માટે આવ્યા એ તમારી માતા-પિતા તરીકેની જાગૃતિ બતાવે છે. આપ સૌ ધન્યવાદને પાત્ર છે. ફરી ફરી બાળકોને લઈને આજ રીતે આવતાં રહેજો. વળી સ્તુતિબેન, કૃપાબેન અને ખુશીએ બાળકોને ખૂબ સરસ રીતે સાચવ્યાં. ખૂબ કાળજી લીધી.

આપણા ઋષિમુનિઓએ યોગ, પ્રાણાયામ ભક્તિ, આહાર-વિહાર, સાત્ત્વિક આનંદ, વગેરેના માધ્યમથી શરીરના બધાં રસાયણોનું સંતુલન થાય તેવો માર્ગ બતાવ્યો હતો જે કાળક્રમે ભૂલાઈ ગયો હતો. પૂજ્યશ્રી'મા'એ માર્ગ અમલ કરી આપણને તે યાદ કરાવી રહ્યાં છે. પૂજ્ય'મા' એ 'ફૂલવાડી'ના માધ્યમથી આપણી ભારતીય સંસ્કૃતિની ગરિમાને ઉજાગર કરી રહ્યાં છે.

બાળકોના 'ફૂલવાડી' અંગેના પ્રતિભાવો–

• અમે આ બે દિવસ ખૂબ આનંદ કર્યો.

• ૐમા એ અમને એક કુટુંબની જેમ પ્રેમ આપ્યો.

• ૐમા એ અમને સત્કર્મ કરતાં શીખવ્યું.

• પૂજ્ય 'મા'એ અમને માળા કરતાં અને પ્રાર્થના કરતા શીખવ્યું.

• 'મા' આભાર આપનો તમે અમને ફૂલવાડીમાં બોલાવ્યા.

• Thank you for giving us all the spiritual teaching and giving us knowledge about Pujya Shree Yogeshwarji.

• We are the flowers of fulwadi but the true smell is you yourself. (MAA) (Fragrance).

• Yogtirth is the place where we were able to learn so many things about Pujya Shree Yogeshwarji. The main reason to come to the fulwadi is you Yourself Maa. I would love to come to fulwadi again and again.

**–શ્રી દર્શના ત્રિવેદી**



# ॥ શિબિરમાં પૂ.શ્રી'મા' ॥

**કાયાવરોહ શિબિરની ખાસ ઉલ્લેખનીય સિદ્ધિ એ હતી કે પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનું સાન્નિધ્ય ખૂબ વિશેષ પ્રમાણમાં સાધકોને માણવા મળ્યું.**

તેઓ સવારની બેઠકથી જ સાધકો સમક્ષ ઉપસ્થિત થઈ જતાં. બપોરના વિરામના સમયે સાધકો ભોજન માટે કે અન્ય કામ માટે ઊઠે, ત્યારે પૂ.'મા' તો શિબિરની કોઈ ને કોઈ પ્રવૃત્તિ અંગે સાધકોને સૂચના આપતાં હોય. વળી તેઓ જમવા બેસે ત્યારે પ્રસાદની વહેંચણી પોતાના સ્વહસ્તે કરે. તે પછી તેઓના લેખનનું કે જપનું કામ ચાલતું રહે. ત્યાં સમય થતાં, સાંજની બેઠકમાં હાજર થઈ જાય. સવારથી પાણી પણ ન પીએ. શિબિરના હૉલમાં ખૂબ ગરમી લાગે. છતાં પૂ.'મા'ની તિતિક્ષા અતિ અદ્‌ભુત લાગે. તેઓ સ્વસ્થપણે કાર્યક્રમનું સંચાલન સમયબદ્ધ રીતે કરતાં રહે.

રાત્રિના ભોજન પછી પાછું સંકીર્તન તેમાં પૂ.'મા' ખીલી ઊઠે. એમના માતૃવાત્સલ્યનો અનુભવ સહુને તે સમયે થાય. તેઓ સુંદર બુલંદ કંઠે ધૂન ગવરાવે, કે ભજન ગાય, ત્યારે લાગે નહિ કે એમણે સવારનું પાણીય પીધું નથી ! કાર્યક્રમના વિરામના સમયે કે પૂરો થતી વખતે પૂ.'મા' બધા જ સાધકોની વ્યક્તિગત ખબરઅંતર પૂછે. તેમાં જો કોઈ નવા ચહેરા દેખાય તો તુરત જ તેઓને મળી, પ્રોત્સાહિત કરે. આશ્ચર્યની વાત તો એ લાગે છે કે આટલા બધા ઉપવાસો છતાં પૂ.'મા'ની સ્મૃતિ કે યાદદાસ્ત સહેજપણ કુંઠિત બની નથી. એ એવી ને એવી પૂર્વવત્ રહી છે, એમ નહિ પણ વધી લાગે છે.

પૂ.'મા'ને નિદ્રાનો જય થઈ ગયો લાગે. તેઓ મોડી રાત સુધી સાધકો સાથે બેસે ને સંકીર્તનના કાર્યક્રમમાં જોડાય. પછી પોતાના નિયમ પ્રમાણેના ખૂબ મોટી સંખ્યાના જપ કરે, ધ્યાન કરે-ત્યાં તો રાત પૂરી થઈ જાય ! પછી લાંબા થવાનો સમય જ ક્યાં રહે !

આટલા ઉપવાસોમાં પણ પૂ.'મા' પોતાનું રોજિંદું કામ પોતાના હાથે જ કરે છે. કપડાં ધોવાં, પોતાના રૂમની સફાઈ વગેરે જાતે જ કરે. કદી કોઈ સાધક સેવા માટે વિનંતી કરે, તો

પૂ.'મા' કદીક કૃપા કરવા ખાતર કાંઈક સેવા આપે.

પૂ.'મા'ની તપસ્યા એટલી બધી ઉગ્ર બની છે, કે એમના સમસ્ત દેહનાં પરમાણુઓનું દૈવી તત્ત્વમાં જાણે કે રૂપાંતર થઈ ગયું છે ! એમની આસપાસનું વાયુમંડળ કે પરમાણુઓ એક પ્રકારની સાત્ત્વિકતાથી સભર બનીને એમના સંસર્ગમાં આવતા માનવોને નવી ચેતના પ્રેરનારું બની રહે છે. એની પ્રતીતિ તો સ્વાનુભવથી જ થાય. એટલે જ પૂ.'મા' પોતાનું સાન્નિધ્ય પોતે કષ્ટ વેઠીને પણ સાધકોને વધારે પ્રમાણમાં આપતાં રહે છે. રાત્રિના સાડાત્રણ સુધી સાધકો સાથે બેસવાથી, કોઈકે કહ્યું હે મા, હવે તો બહુ મોડું થયું, આપ આરામ કરો. તો સ્મિત કરતાં કહે : કાલે કોઈ બેસવા કહેવાનું નથી, સમજ્યાં ? કેવો અદ્ભુત ભાવ ! ટૂંક સમયમાં, સાધકોને વધારેમાં વધારે સાત્ત્વિકતા ને ઈશ્વરપરાયણતાનો લાભ મળે, સંસાર ભૂલાય ને સત્સંગ થાય એ જ એમનો પ્રધાન હેતુ, જેથી શિબિરમાં આવ્યું સફળ થાય. મન ઉપરનો માયા ને આસક્તિનો મેલ ઉતરે અને ત્યાગ, સેવા, સત્સંગ ને પ્રભુસ્મરણનો આસ્વાદ સાધકો માણે અને અહીંથી ગયા પછી દૈનિક જીવનમાં એને વાગોળે, આચરણમાં મૂકે, ને જીવન સફળ કરે.

ત્રણ દિવસની એ શિબિર ત્રણસો દિવસનું ભાથું આપતી જાય-એવું અદ્ભુત પૂ.'મા'નું વ્યક્તિત્વ ને એવો વ્યવહાર.

પૂ.'મા'ના જીવનની વિશેષતા એ જ લાગે કે પ.પૂ.મહાત્માજી એમના અણુ અણુમાં વ્યાપી ના ગયા હોય ! એમનાં મન, વાણી ને કર્મ-સર્વ પ્રકારે પૂ.ગુરુદેવમાં જ વર્તતા હોય એની પ્રતીતિ એમના સમગ્ર વ્યવહારમાં જણાઈ આવે.

પૂ.શ્રી જ પૂ.'મા'ના દેહ દ્વારા આ બધી એમને પ્રિય પ્રવૃત્તિ કરી રહ્યા છે એવો પૂ.'મા'નો દૃઢ વિશ્વાસ આ શિબિરમાં સારી રીતે વ્યક્ત થયો.

પૂ.'મા'ની ગુરુમાંની જીવંત શ્રદ્ધા-સાધકોને પણ લાધે, તે માટે તેઓ પોતાના ઉપવાસોની વાતો સાધકોને કહેતાં. પ્રભુને પ્રાર્થીએ કે સહુ સાધકોને પૂ.'મા' જેવાં શ્રદ્ધા, ભક્તિ ને સમર્પણ પ્રાપ્ત થાય. એ માટેના આશીર્વાદ સહુ ઉપર ઉતરે.

**–શ્રી નારાયણભાઈ જાની**
**('અધ્યાત્મ'ના આદ્ય તંત્રી)**



# ॥ સ્વજનની નજરે પૂ.શ્રી'મા' ॥

કહેવાય છે કે ખૂબ પુણ્ય કર્યાં હોય તેને સંતનાં દર્શન થાય અને તે સંતને ઓળખવા માટે પણ ઈશ્વરની કૃપા પણ જરૂરી ગણાય છે. એ દૃષ્ટિએ કપૂરાની ભૂમિનો અને કપૂરાના ભક્તોનો વિચાર કરીએ તો જણાશે કે કપૂરા ગામ ભાગ્યશાળી છે. એ પવિત્ર ધરતી ઉપર 'મા' સર્વેશ્વરી પ્રગટ્યાં અને તે ભક્તજનો પર ઈશ્વરની અનંત કૃપા છે કે તેઓ 'મા'ને શ્રદ્ધાભક્તિ મુજબ સમજી શક્યાં, લાભ શક્યાં લઈ આદરભાવથી અપનાવી શક્યાં.

રામાયણના પારાયણના એ પવિત્ર પ્રસંગે મારે પણ જવાનું બન્યું. આમ તો હું ઘણીવાર કપૂરા જઈ આવ્યો છું. આ પ્રસંગે પણ પારાયણની દરરોજની બેઠકને અંતે ગામના વડીલ ભાઈબેનો-વૃદ્ધ ભાઈબેનો પૂ.'મા' પાસે આવતાં, નીચા નમીને પૂ.'મા'ના એ નાનકડા સ્વરૂપને પ્રણામ કરવામાં પણ સંકોચ અનુભવતાં નહોતાં. ગામના વડીલ ભાઈબેનો જ નહિ પણ પૂ.'મા'ના પરિવારનાં ભાઈબેનો પણ પૂ.'મા'માં રહેલી દિવ્યતાને જોઈ પૂજ્યભાવ રાખતાં. 'મા' કહીને બોલાવતા, નીચા નમીને પ્રણામ કરતાં. એ દૃશ્યો 'મા' પ્રત્યેની શ્રદ્ધાભક્તિ કેવી અનન્ય છે તેનું દર્શન કરાવતાં હતાં.

એટલે કે સૌ કોઈ પૂ.'મા'ને સમજતાં અને ઉચિત માન આપતાં અને તે માન પૂર્ણપણે જળવાઈ રહે તેનું પણ પરિવારના સભ્યો ધ્યાન રાખતા. પૂર્ણાહૂતિના આગલા દિવસે પૂ.'મા'

તેમના પિતાજીના ઘરે રાત્રે પારાયણની છેલ્લી બેઠક પછી પાછળ હીંચકા ઉપર બેઠા હતાં અમે ઘણાં ભાઈબેનો ત્યાં ઊભાં હતાં. તે સમયે બહારગામથી કોઈ બેન પૂ.'મા'ને મળવા આવ્યાં. દૂરથી હાથ જોડી તે બેન પૂ.'મા'ની સાથે જ હીંચકા ઉપર બેસી ગયાં. પૂ.'મા' ત્યાગી સંત જીવન જીવે છે તેથી એક આસન ઉપર અને સમકક્ષ ના બેસાય, તેવા વિવેકનું જ્ઞાન તે બેનને ન હતું. તેથી તેઓ તો બેસી ગયાં અને વાતો પણ કરવા લાગ્યાં. પૂ.'મા'એ પણ તેઓને કાંઈ કહ્યું નહિ પરંતુ શ્રી શારદાબેન કે જેઓ પૂ.'મા'ના સાંસારિક દૃષ્ટિએ મોટાબેન થાય તેઓ પણ ત્યાં ઊભાં હતાં. તેઓએ તરત જ તે બેનને ઈશારો કરીને ઉઠાડ્યાં અને યોગ્ય મર્યાદા જાળવવા સૂચન આપ્યું. હું તો જોઈ જ રહ્યો ! આ પ્રસંગ ઉપરથી મને શારદાબેનના હૃદયમાં રહેલી શ્રદ્ધાભક્તિ અને એને પરિણામે આવેલી જાગૃતિ જોવા મળી હું મનોમન શ્રી શારદાબેનને નમી રહ્યો.

ધન્ય છે ! એ પરિવારના સભ્યોને કે જેઓના હૃદયમાં પરિવારના એક સભ્ય સંત તરીકે બિરાજે છે. અને ધન્ય છે એ શ્રદ્ધા, ભક્તિને પણ.

**—શ્રી અતુલ કોન્ટ્રાક્ટર**

અવતરણ :

'મંત્ર એ પ્રભુનું ભવન છે, નિવાસસ્થાન છે. મંત્રના ઘરમાં જ પ્રત્યેક અક્ષર ઉપર જ એમનો વિહાર છે.'

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**



## ॥ 'અધ્યાત્મ' પારસમણિ છે ॥

શતયોગવંદનમ્ પર્વ પ્રસંગે મને પ્રેરણા થઈ કે પૂ.શ્રી યોગેશ્વરજીને 'સો વંદના' કરવી છે. એવી રીતે કે પૂ.શ્રીના પ્રિય 'અધ્યાત્મ' માસિકના એકસો આજીવન સભ્યો બનાવવા છે; ને દરેક સભ્યના લવાજમની રકમ રૂ.૨૫૦/– મારે ભરવા છે. આ વંદનાના 'ગ્રાહક પુષ્પો' પ્રભુશ્રીનાં શ્રીચરણે ધરવાં છે.

પૂ.શ્રીલિખિત 'શ્રી રામચરિતમાનસ'ના પચાસ ગ્રંથો પૂ.શ્રી'મા'નું 'રામચરિતમાનસના પારાયણ' જ્યારે પણ યોજાય ત્યારે એ પવિત્ર માહોલ માટે કામ આવશે, એ હેતુસર ખરીદી રાખેલા.

ઘણા નવા ભક્તો પાસે આ ગ્રંથ નહિ હોય ને હાલમાં જો છપાય તો આ ગ્રંથની કિંમત લગભગ રૂ.૬૦૦ થાય. તેથી ભક્તોને આ ગ્રંથો અરધી કિંમતે આપીએ તો ભક્તોને ગ્રંથ મળે ને આપણને રકમ મળે તેમાંથી 'અધ્યાત્મ'ના આજીવન સભ્યો બનાવી શકાય. પૂ.શ્રી'મા' પાસે આ વિચાર રજૂ કર્યો. પૂ.શ્રી'મા'એ પ્રસન્નતાથી વધાવી, રામચરિતમાનસના પારાયણની યોજના કરી.

પૂ.શ્રી'મા'ની પ્રેરણાથી સત્કર્મનિમિત્તે આ ૫૦ ગ્રંથો શ્રી મંજુલાબેન ભાવસારે તરત ખરીદી પણ લીધા. પછી મેં 'અધ્યાત્મ'ના આજીવન ગ્રાહકો શોધવાનું શરૂ કર્યું. જે લોઢાના ચણા ચાવવા જેવું છે.

સમાજમાં વાંચનાર વર્ગ ઘટી રહ્યો છે તેમાં 'અધ્યાત્મ' જેવાં

ગહન માસિક પ્રતિ રસ ધરાવનાર શોધવા મરજીવાનું કામ કરવા જેવું છે. તેથી નક્કી કર્યું કે ખરેખર રસથી વાંચનાર પાસે જ 'અધ્યાત્મ' જાય તેની કાળજી રાખવી.

હું અંબાજીના 'સ્વર્ગારોહણ'માં આવેલ સાધનાકુટિરના પંચ દેવોને પ્રણામ કરી, સાથે રહેવા પ્રાર્થના કરી પછી જ અંબાજી ગામમાં ગ્રાહક શોધવાને કામે જતો. ને આવીને આભાર માનતા પ્રણામ કરતો. 'સ્વર્ગારોહણ'ના કાર્યક્રમમાં ગેરહાજર ન રહેવાય તેમ એક કલાકનો સમય કાઢી લેતો.

સારી શૈક્ષણિક સંસ્થાઓની માહિતી મેળવી, તેના પ્રિન્સિપાલને મળતો. તેઓ પરિચય આપવા કહેતા ત્યારે 'સ્વર્ગારોહણ'થી આવું છું એ સાંભળતાં જ તેઓ અહોભાવ વ્યક્ત કરતા પછી અમે કહેતા : સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ 'અધ્યાત્મ' નામક એક માસિક બહાર પાડે છે. તેમાં જીવનવિકાસના સારા લેખો હોય છે. પ્રભુ તરફ અભિમુખ રાખતા સંતોના લેખો હોય છે. નમૂનારૂપે જૂના બે-ત્રણ અંકો પણ આપી કહેતા : 'આ માસિક અમે તમને આજીવન ભેટ આપવા માગીએ છીએ. એના લવાજમની રકમ રૂ.૨૫૦/– અમે તમારા વતી ટ્રસ્ટને આપી દઈશું.' દર મહિને ૧ થી ૧૦ તારીખ સુધીમાં પોસ્ટથી તમને આ અંક મળી જશે. અમારી એક શરત છે કે તમારે ત્યાં અમારું આ 'અધ્યાત્મ' વંચાવું જોઈએ. તમારા વિદ્યાર્થીઓ-સ્ટાફ એ બધા વાંચશે ખરા ? એ હા પાડે પછી જ તેમની પાસે સરનામા તેમજ ફોન નં.તેમના જ હસ્તાક્ષરમાં મેળવી, 'સ્વર્ગારોહણ' આવી, ટ્રસ્ટને રકમ આપી,



રસીદ મેળવી લઈએ છીએ.

ગ્રાહક થનારને અમે એ પણ કહીએ છીએ કે બહોળા પ્રમાણમાં 'અધ્યાત્મ' વંચાય તેમ કરજો. સગાંવહાલાં, પાડોશમાં જૂના અંકો વાંચવા આપજો. પસ્તીમાં ન જવા જોઈએ. તમને બિનઉપયોગી જણાય ત્યારે જૂના અંકો 'સ્વર્ગારોહણ'માં પરત કરજો. અમે જૂના અંકો દવાખાનામાં દાખલ થયા દર્દીઓ તેમજ ખાનગી પુસ્તકાલયોમાં વાંચવા આપીએ છીએ.

પછી તેમની રસરુચિ જાણી લઈ, પૂ.શ્રી યોગેશ્વરજી તેમજ પૂ.શ્રી'મા'ની વાતો કરીએ છીએ.

મારી દૃષ્ટિએ આપણા 'સ્વર્ગારોહણ'ને બે પાંખો છે. એક સાધનાની ને બીજી સેવાની. અંબાજી ગ્રામ્યજનો કે બીજા લાભાર્થીઓ માત્ર સેવાની પાંખને જાણે છે, સાધના વિશે અજાણ હોય છે.

મારી દૃષ્ટિએ આપણું 'અધ્યાત્મ' એ જો નિયમિત, પૂરેપૂરું વંચાય તો વાંચનારને જડીબુટ્ટીનો લાભ અપાવે. વાંચનારના ભવોભવના રોગ મટાડનાર અસરકારક ઔષધ છે.

અરે ! એ પારસમણિનું પણ કામ કરે તેમ છે. લોઢા જેવા જડ માનસને પ્રકાશ ફેલાવે, સૂતેલી, જડ બની ગયેલી ચેતનાને જગાડે, વિકસાવે, સુવર્ણ પ્રકાશ રેલાવે. 'અધ્યાત્મ'ને મેં જડીબુટ્ટી અને પારસમણિ સાથે એટલા માટે સરખાવેલ છે કે, હિમાલયનિવાસી, પરમ સિદ્ધ પૂજ્યશ્રી યોગેશ્વરની ઈચ્છાથી જ તેમના જીવનના સ્વપ્નરૂપે જ 'અધ્યાત્મ'ની શરૂઆત લોકકલ્યાણની ભાવનાથી જ થઈ છે. એક મહાપુરુષના સંકલ્પનું જ આ ફળ છે. તેથી તેઓશ્રીના સંકલ્પનું બળ શક્તિ જ 'અધ્યાત્મ' માસિક સાથે વણાયેલ છે; જે

વાંચનારના ચિત્તને ઝંકૃત કરશે. આ મારા ૪૪ વર્ષના અધ્યાત્મ-વાંચનનો અનુભવ છે.

**॥ આજીવન ગ્રાહક બનાવેલ અંબાજીની શૈક્ષણિક સંસ્થાઓ ॥**

**(તા.૨૫/૦૭/૨૨ થી તા.૩૦/૦૭/૨૨)**

૧. શ્રી અંબિકા સંસ્કૃત વિદ્યાલય-અંબાજી

૨. શ્રી અંબાજીમાતા ઉચ્ચતર વિદ્યાલય-વિજ્ઞાનપ્રવાહ

૩. શ્રી અંબાજી ગ્રામપંચાયત ઉચ્ચતર મા.શાળા

૪. શ્રી ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા-ગોરાડ

૫. શ્રી આદર્શ નિવાસ કન્યાશાળા-અંબાજી

૬. શ્રી અંબાજી આર્ટ્સ કૉલેજ

૭. શ્રી કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય-જેતવાસ

૮. શ્રી કન્યા સાક્ષરતા નિવાસીશાળા-જેતવાસ

૯. શ્રી એકલવ્ય મૉડેલ, રેસીડેન્સીયલ સ્કૂલ-જેતવાસ

અમારા અંબાજી ગ્રાહક બનાવવાના અભિયાનમાં આપણા 'મા' પ્રભુ પરિવારના ભક્તબાળ મોરબીવાળા શ્રી કીર્તનભાઈએ સહયોગી બની ઉમદા સેવા આપી. તેને ધન્યવાદ આપી આ લેખ પૂરો કરું છું.

**॥ મધુર સ્મરણ ॥**

'અધ્યાત્મ' માસિક ૪૪ વર્ષ પહેલાં શરૂ થયું ત્યારે તેનું વાર્ષિક લવાજમ રૂ.૧૨/– હતું આજીવન સભ્યપદની યોજના ન હતી.

પણ શરૂ થયાના બીજા માસે મેં ૧૨૫ વાર્ષિક ગ્રાહકો કર્યા.



આની નોંધ તંત્રીશ્રી નારાયણભાઈ જાનીએ લીધી અને તેની જાણ અમદાવાદની લૉ કૉલેજની શિબિર વખતે કાકાએ પૂ.શ્રીને કરેલી. શિબિરના પ્રથમ દિવસે હૉલમાં બીજી બેઠકમાં પૂ.શ્રીએ મંચ ઉપરથી કાકાને પૂછ્યું; '૧૨૫ ગ્રાહક કરેલ છે, તે ભાઈ શિબિરમાં આવેલ છે ?' કાકા કહે : 'હા.' ને મને ઊભા થવા કહ્યું. હું મારી બેઠકેથી ઊભો થયો, પૂ.શ્રીને બે હાથ જોડી પ્રણામ કર્યાં. પૂ.શ્રીએ ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરેલી. 'કંઈક' ખુશીમાં બોલ્યા પણ હતા, જેનું મને સ્મરણ નથી. આપણે વિડિયો કૅસેટમાં, પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરીમાં જોઈએ છીએ કે, ગુરુની સેવા કઈ રીતે કરી શકાય ? બે-ત્રણ પ્રકાર છે સેવાના. તેમાં ગુરુનું સાહિત્ય વાંચીને, વંચાવીને, પ્રસાર કરીને પણ સેવા કરી શકાય.

હું આવું જ કંઈક કરી રહ્યો છું એમ નહીં, પૂજ્યશ્રી'મા' મારી પાસે કરાવી રહ્યાં છે. 'હું યંત્ર' આપણે માત્ર નિમિત્ત જ છીએ.

તા.ક.અંબાજીમાં હવે સાચા ગ્રાહકો નહિ મળે તો બીજે પ્રયત્ન થશે. રાજ્યનાં ગ્રંથાલયો પણ લઈશું. 'અધ્યાત્મ'ના સો ગ્રાહકો કરીને જ જંપીશું.

**–શ્રી ચન્દ્રકાન્ત પંડ્યા**

'આપણા કંઠમાં પરમતત્ત્વ જ પ્રવેશે ને પોતે જ પોતાની સ્તુતિ કરે અને કરાવે.'

**–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ 'સ્વર્ગારોહણ'નાં પ્રત્યગ્ન પુષ્પ ॥

(પૂ.શ્રી'મા'ના સત્સંગની અમૃતધારા)

જેમને જીવનના ઈષ્ટદેવ ગુરુદેવ રાહબર માન્યા હોય તેમને રોમરોમથી વધાવવા પડે. આપણી વાણીનો, વર્તનમાં તેનું પ્રતિબિંબ ઊઠવું જોઈએ.

✻

સમર્થનો સથવારો સર્વકાળે શાન્તિ ધરે. જીવને આંગળી પકડી દોરે. થાકે તો ઊંચકીને ફરે. એને પ્રેમથી સતત તેડવો પડે.

✻

પૃથ્વીપટે પ્રભુ સંતસ્વરૂપે પધારે છે.

✻

આપણા ઈષ્ટદેવ પૂ.શ્રી પણ સ્વયં શક્તિતીર્થ છે. એમના દર્શનમાં તારક શક્તિ છે. એમના શુભ-મંગલ નામમાં તારક શક્તિ છે.

✻

દરેક મંત્રમાં તેના ઈષ્ટનો નિવાસ છે. શ્રી રામનામ છે તો શ્રીરામ એ નામમાં વસે છે. શ્રીકૃષ્ણ નામ છે તો શ્રીકૃષ્ણ એ નામમાં વસે છે. શ્રી શિવ નામ છે. તો તે શિવજી સ્વયં નામમાં નિવાસ કરે છે. નામનો મહિમા અલૌકિક છે.

✻

હરિ નામમાં શબ્દબ્રહ્મની શક્તિ છે. જ્યાં જ્યાં વંચાય ત્યાં



ત્યાં વસે. જ્યાં જ્યાં નામ ત્યાં ત્યાં તે સંકટ સમયની સાંકળ બની જાય. એટલે હરિ નામ જ્યાં જ્યાં વાંચવા મળે ત્યાં ત્યાં ઝૂકી જવાય. ઝૂકો ત્યાં જ ભરાઈ જવાય. આપણે ભાગ્યશાળી છીએ. આ બે આંખોથી પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં છે. આ બે કાનથી પૂ.શ્રીને સાંભળ્યાં છે. હવે બીજાં કોનાં દર્શન બાકી છે ? કોને સાંભળવા બાકી છે ? કોની આરતી ઉતારવાની બાકી છે ? બધું જ 'એક જ સંત, એક જ મંત્ર એક જ ગ્રંથ !'

✻

યુગોથી ઊભા છો. પધારતાં જ સેવા કરવા, આવકારવા ઊભા છે. જરા ભાવથી ઝૂકો. તમારું બધું જ તોફાન શાંત થઈ જશે.

✻

સાચા સંતદર્શનથી આપણી આંખ પણ પ્રસાદીની થઈ ગઈ. કોઈને ના અપાય. આપણું મન પણ પ્રસાદી થઈ ગયું. એક જ શ્રદ્ધા, એક જ શ્રીચરણોમાં આશ્રય.

✻

સાથે મળીને આ સમર્થ મહાપુરુષના સંદેશને ઝીલો.

✻

આ લગ્નનું પર્વ છે. જીવનું શિવ સાથે.

✻

'ૐ યોગેશ્વર રક્ષમામ્'ની બૂમ પડે એટલે એ તરત જ હાજર ! પોકારો એટલે પડખે ! પ્રત્યક્ષ.

**—સંકલન : ડૉ. અરુણા ઠાકર**